|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**તંત્રી :** શ્રી તરલા દેસાઈ, ડૉ. અરુણા ઠાકર

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167,
આનંદનગર, ભાવનગર-૫
ફોન નં. ૯૪૨૬૬૫૬૫૫૧

**પ્રાપ્તિસ્થાન :** ૬, વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે, આતાભાઈ,
ભાવનગર–૩૬૪૦૦૨
ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–**। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.


# || વિશિષ્ટ સહયોગ ||

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

**–'મા' સર્વેશ્વરી**

## ‘અધ્યાત્મ’નો વિશેષાંક

# ॥ મૈત્રીઉપનિષદ ॥

“મૈત્રી ભવભવાન્તરના ઋણાનુબંધનું પરિણામ હોય છે. એનો ઉપયોગ ચિત્તશુદ્ધિ તેમજ મનની મુક્તિ સાધવા માટે કરવો ઘટે. રાગદ્વેષથી મુક્ત રહીને સંબંધોમાંથી પસાર થવાની કળા કેળવવી એ ‘આધ્યાત્મિક સાધના છે.’

પૂજ્યશ્રી યોગેશ્વરજી તથા નારાયણભાઈ જાની



**‘પછે શામળિયોજી બોલિયા, તને સાંભરે રે ?**
**હાજી, નાનપણાનો નેહ મને કેમ વીસરે રે !’**

## ॥ પ્રભુ, મારગ ફૂલડે મઢી લો ॥

હે પ્રભુ, મારગ ફૂલડે મઢી લો
એને આંગળી પકડી દોરો. હે પ્રભુ૦
ધન્ય જીવનનો અર્ઘ્ય સ્વીકારો
સાધના એની વધાવો
મૈત્રી એની દૃઢ બનાવો
શ્રીઅંકે એને સ્વીકારો. હે પ્રભુ૦
પરમ સખ્યને સાર્થક કરી દો
અમર એ જીવન બનાવો
શ્રી નારાયણસંગે હવે તો
પૃથ્વીપટે પધારો. હે પ્રભુ૦
સ્વજનોનાં વંદન પહોંચાડો
આશિષ અમને અપાવો
દેવદ્વારે આસન સ્થાપો
પ્રાર્થના સૌની સ્વીકારો. હે પ્રભુ૦

—'મા' સર્વેશ્વરી
તા.૦૯-૦૩-૨૦૧૮
બપોરે ૨.૩૦
'હરિદ્વાર'

# અનુક્રમ


| ક્રમ | વિષય | લેખક |
|---|---|---|
| ૧ | નિવેદન | |
| ૨ | શ્રીનારાયણનું પરમધામમાં પ્રસ્થાન | 'મા' સર્વેશ્વરી |
| ૩ | 'અધ્યાત્મ'ના આદ્ય તંત્રીશ્રીનો દેહવિલય | તંત્રી વંદના |
| ૪ | ભાવવંદના | શ્રી સુશીલાબહેન ભક્ત |
| ૫ | શ્રી નારાયણકાકા-ગુરુમુખી પ્રતિભા | ફૂલવાડી નોર્થ અમેરિકા |
| ૬ | દીકરીનો પિતાને પત્ર | શ્રી જ્યોત્સ્નાબહેન ત્રિવેદી |
| ૭ | શ્રી યોગેશ્વર-કથામૃત | 'મા' સર્વેશ્વરી |
| ૮ | એક અનુપમ ચૈતન્યસંબંધ | શ્રી તરલા દેસાઈ |
| ૯ | દીક્ષા સ્વયં સંપન્ન થઈ | સંયુક્ત સંપાદન |
| ૧૦ | શ્રી શૈલમની યાત્રામાં શું પામ્યા ? | શ્રી કનુભાઈ હાજરા |
| ૧૧ | શ્રી મા આનંદમયી પ્રસંગપરાગ | ડૉ. પ્રસાદભાઈ બ્રહ્મભટ્ટ |
| ૧૨ | સ્વર્ગારોહણ પ્રવૃત્તિદર્શન | શ્રી રાજેન્દ્ર જાની |

# ॥ નિવેદન ॥

આ અંકને ‘મૈત્રીઉપનિષદ’ તરીકે ઓળખાવવાનું કારણ એ છે કે, પરમ વંદનીય શ્રી યોગેશ્વરજીની મૈત્રી તેમજ અનન્ય સખ્યભાવમાંથી જ અનુક્રમે જ ‘અધ્યાત્મ’ તેમજ ‘પૂ.‘મા’નું સર્વેશ્વરીરૂપે સર્જન’ સહજ આવિષ્કૃત થયાં.

અહીં મૈત્રીનાં બે પરિમાણો છે, એક મનને સ્તરે સ્થિત છે તો બીજું આત્મરત છે. બંનેનો આવિર્ભાવ અધ્યાત્મલક્ષી છે. પણ એકમાં ‘સાધનની મહત્તા’ છે જ્યારે બીજામાં ‘સાધનાનું સહજ પરિણમન’ છે.

મૈત્રીબળે જ, મિત્રતાને દાવે જ મુંબઈની શાળાના એક સહાધ્યાયી, જે કિશોરવયથી જેમની સાધનાને સમસંવેદનાથી તેમજ કુશાગ્ર બુદ્ધિથી સમજી શકેલા એવા નારાયણને શ્રી યોગેશ્વરજીએ ‘અધ્યાત્મ’ માસિકના તંત્રી તરીકે પસંદ કર્યા. એક બાલસખાની અંતઃક્ષમતાને તાગીને જે દાયિત્વ સોંપાયું તે એણે પૂરેપૂરી નિષ્ઠા અને લગનથી જીવનના અંતિમ શ્વાસ સુધી નિભાવ્યું.

મૈત્રીનું આ એક પરિમાણો જેમાં ‘મનની મૈત્રી’ હતી, જે બુદ્ધિ-ભાવનાને સ્તરે રહી; જેમાં કૃષ્ણ-સુદામાના સખ્યની ખૂશ્બુ હતી પાછળથી એ ભગવાન-ભક્તના સંબંધમાં રૂપાંતરિત થઈ.

આ અંકમાં મૈત્રીનું એક બીજું પરિમાણ પણ પ્રસ્તુત કરવા ચાહ્યું છે. અલબત્ત એ ‘સખ્યનું ઊર્ધ્વતમ ગુરુશિખર’ છે, જેમાં સાયુજ્યભાવની શાશ્વત સુગંધ છે.

સૂરતના સનાતન હૉલમાં શ્રી યોગેશ્વરજીનું પ્રવચન સાંભળવા ગયેલ સરોજબહેન એમને ‘સદ્‌ગુરુપદે’ સ્થાપી દે છે અને જોતજોતામાં તેઓશ્રી તેમના અંતરમાં ‘આરાધ્યદેવ’ તરીકે



પ્રતિષ્ઠિત થઈ જાય છે.

તો શ્રી યોગેશ્વરજી પણ એમને સાક્ષાત જગદંબારૂપે ઓળખી, એમની ષોડશોપચાર પૂજા કરી, ‘મા’ સર્વેશ્વરીરૂપે જગત સમક્ષ પ્રસ્તુત કરે છે.

જો કે, અહંકારરહિત ‘મા’ આજે ૪૭-૪૭ વર્ષ પછી, ગુરુદેવના એક એક વિચાર, આદર્શ, ધ્યેય, સ્વપ્ન, તરંગ, સ્પંદનને મૂર્તરૂપ આપ્યા પછી પણ પોતાનું નામ ક્યાંય ઉપસવા દેતાં નથી.

વર્ષોવર્ષ પૂ.‘મા’ની ‘સર્વોપરી ચેતના’નાં વર્તુળો વિસ્તરતાં જાય છે, પણ કેન્દ્રસ્થાને તો શ્રી યોગેશ્વર પ્રભુ જ ! આજે તો ‘તદદૂરે તદન્તિકે’ની જેમ શ્રી યોગેશ્વરજી ‘મા’ના ‘શ્યામલ પરમ સખા’ બની ‘મા’ની સાથે ને સાથે હરેક પળે વિહરતા ‘મા’ અનુભવે છે. આમ, ઉભય આત્માનુભવીઓ વચ્ચેનો સહજ નર્યો આત્મિક સંબંધ ‘મધુર અદ્વૈત’માં પરિણમ્યો છે.

શ્રી યોગેશ્વરજીની પુનિત મૈત્રીનાં આ બંને પરિમાણો— એકમાં મિત્ર ‘પ્રભુસ્વરૂપે’ અધિષ્ઠિત થઇ જાય છે તો અન્યમાં પ્રભુ ‘પરમ સખાસ્વરૂપે’ સદૈવ ઉપસ્થિત રહે છે. એકમાં વ્યક્તિચેતના તો અન્યમાં વૈશ્વિક ચેતના ઓતપ્રોત થઇ જાય છે. એના સંયુક્ત ફળસ્વરૂપે આપણે ‘અધ્યાત્મ’ના વાચક હોવાનું ગૌરવ તેમજ પરમ પ્રેમમયી ‘મા’ સર્વેશ્વરીના પ્રેમભાજન બનવાનું અહોભાગ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ.

તો ‘મૈત્રીઉપનિષદ’ના આ ઉભય સહજ આવિષ્કારોને પ્રણમી, આ અંકને વધાવી અનુભવીએ :

‘વિશ્વભરમાં સર્વત્ર સર્વદા, સર્વપ્રકારે સંતોનો એક સહજ સ્નિગ્ધ સખ્યભાવ વહેતો રહે છે; જે ઝીલવા પાત્ર બને તે પામે.’

# ॥ શ્રી નારાયણનું પરમધામમાં પ્રસ્થાન ॥

**તા.૦૯/૦૩/૨૦૧૮ શ્રી ગંગાજી**

આર્ય નિવાસના ઉપરના વિભાગમાં સતત આંટા મારતાં મારતાં મંત્રજપ થતા રહ્યા છે.

એ ક્ષણોમાં જ બપોરે પોણા બે વાગે સમાચાર મળ્યા છે કે શ્રી નારાયણને પરમધામમાં સહજ રીતે વિશેષ કોઈ વેદના વિના હળવા ફૂલની જેમ પરમસખાએ પધરાવી દીધા છે.

આખી એક શતાબ્દી આ પૃથ્વી ઉપર એ જીવન ધબકતું રહ્યું. કંઈ કેટલાયે માનવોને પ્રેરણાના પિયુષપાન પાતું રહ્યું. અધ્યાત્મના તંત્રી બનીને સુકાનીપદ સંભાળતું રહ્યું. પરિવારનું એ જીવન જાણે સાર્વજનિક સંપત બની ગયું. જીવનના સર્વ પદોને શ્રેષ્ઠ રીતે ભજવતું-દીપાવતું ગૌરવવંતુ કરતું ગયું. એ જીવન એક સંસ્થા બની ગયું. સાચા સમર્થ સંતની મૈત્રીની સુગંધ જગમંચે પ્રસરાવતું ગયું. ધન્ય જીવન, સફળ જીવન, વંદનીય જીવન, જીવનની પ્રત્યેક પળને પર્વમાં પલટાવીને અમરત્વને વર્યું. શ્રદ્ધાળુ ભક્ત, શ્રેષ્ઠ સાધક, માનવતાના માળી બનીને એક સંવેદનશીલ વિશેષવ્યક્તિ તરીકે હજારોના હૈયે સન્માન પામ્યા.

એવા વિશેષ વંદનીય ગૃહસ્થ યોગીસમા એ સંતસખાને સૌનાં ભાવભર્યાં વંદન. એમનું આગમન કે ગમન પણ ત્રિલોકે પરમમંગલમય.

ભાવનગરની અંતિમ યાત્રાનો એ એક કલાક અહીં શ્રી ગંગાજીઅંકે સૌએ સમૂહ પ્રાર્થના સાથે મૌન સાથે વીતાવ્યો. શ્રીગંગાજીને સૌએ પાંચ પ્રણામ કરી, 'એ જીવનને આશીર્વાદથી



મઢી લો.' એવી પ્રાર્થના કરી, ગંગાજળની એક અંજલિ પણ ધરી છે.

એ દેહને અગ્નિદેવે પણ પ્રસન્નતાથી પોતાના શ્રીઅંકે વધાવી લીધો. બધું જ કાર્ય શાંતિથી સંપન્ન થયું.

અહીં મૌન પ્રાર્થનાની એ ક્ષણોમાં મન-અંતરે સહજ શબ્દોમાં એક વિશેષ પ્રાર્થના વહેવા લાગી જેને પાછળથી લિપિ-બદ્ધ કરીને શ્રીનારાયણપરિવારના સ્વજનોને પહોંચાડી પણ શક્યા.

**તા.૧૦/૦૩/૨૦૧૮ શ્રી ગંગાજીથી સત્યપથ**

ગઈકાલથી શ્રી નારાયણ માટે સહજ પ્રાર્થના થતી રહી; સાથે સાથે જાગૃતિ આવી છે. દેવ જેવા માનવદેહે તેને તો દેવલોકે આજે ઉત્સવ. પૃથ્વી પટે ધારેલા સર્વ સત્કર્મો કરીને વિજયઘંટ વગાડતો બાળ પરમધામમાં પ્રવેશે તો ત્યાં પણ મંગલપર્વ. પૃથ્વીપટે પણ ધન્ય જીવનનો મંગલ મહોત્સવ જ હોયને !

વિશેષ પ્રાર્થનાની જરૂર જ ના હોય છતાં સહજરીતે મનથી એ પ્રસન્નતાપૂર્વકનું, અહોભાવ સાથેનું સ્મરણ ચાલ્યા કરે છે. શ્રી નારાયણ તો ધન્ય જીવનનો અર્ઘ્ય ધરી શક્યા હવે આપણે પણ એવું ધન્ય જીવન બનાવવાનું છે. આ જાણે તેનો ઘંટનાદ છે.

**તા.૧૨/૦૩/૨૦૧૮ સત્યપથ**

શ્રી નારાયણનું સ્મરણ રહ્યા કરે છે. સરસ સમર્પિત જીવન. મૌન રહીને સંત સખાના સોંપાયેલા સેવાકાર્યમાં અંતસુધી કાર્યરત. જીવન-પરિવારના સૌને આંગળી પકડીને એક જ સંતના શ્રીચરણે સહજ રીતે વાળ્યા. શ્રી સરસ્વતીદેવી સાથેનો એ

જીવનકાળ ધર્મસખીની સંપૂર્ણ સહાયથી સફળ રહ્યો. ગળથૂથીમાંથી માતાએ પણ સર્વ સંતાનોને ધર્મરસ જ ચખાડ્યો. આ ભક્તદંપતિએ શ્રદ્ધાભક્તિથી જીવનભર સંતનાં શ્રીચરણે જ મસ્તક નમાવ્યું. સંતસખાના પદને દીપાવ્યું. એટલે પણ એમનું સ્મરણ મનને ઝંકૃત કરતું રહ્યું. જીવનના પૂર્ણ આયુષ્યના અંતિમ તબક્કામાં પણ અસ્વસ્થ શરીર સાથે સ્વર્ગારોહણ દોડી આવવાનું રોકી ના શક્યા. સંતસખાએ જગમંચે પ્રતિષ્ઠિત કરેલા આ માને પણ જીવનભર શ્રદ્ધાથી વધાવતા રહ્યા. માને ચરણે મસ્તક નમાવતા ક્યાંયે પોતાની મોટી ઉંમરનો બાધ ના નડ્યો કે ના નડ્યો હું, બાળપણથી સંતને પામ્યો કે સત્સંગ પચાવ્યો કે સંતની સેવા કરી કે અધ્યાત્મનો હું તંત્રી-ના રે ના. મુઠી ઊંચેરા એ માનવમાં વંદનીય વિશેષતાઓ પણ પ્રત્યેક સ્વજનો નોંધી શક્યા. પ્રેરક જીવન. નમ્રતાભર્યું શ્રદ્ધાભક્તિથી છલકાતું ને મલકાતું જીવન.

પ્રભુદરબારે ઉન્નત મસ્તકે કહી શકાય એવું જીવન. 'મેં મારી સર્વ ફરજો શ્રેષ્ઠ રીતે બજાવી છે. મેં 'અધ્યાત્મ' માસિકને મારી રીતે સરસ રીતે સફળતા સાથે સમર્પિત ભાવે સંભાળ્યું છે. અરે મેં આપના પસંદ કરેલા આ માના પાત્રને પણ જીવનભર શ્રદ્ધા સાથે વધાવ્યાં છે.'

શ્રી નારાયણ આ રીતે પ્રભુ દરબારે પ્રવેશતાં જ પ્રભુ પણ પોતાના આસનેથી ઊભા થઈને આવકારે એવું જીવન.

એ જીવનને, પ્રભુએ સોંપેલા એ અભિનયને, એ શ્રદ્ધાને, એ નમ્રતાને, એ કાર્યનિષ્ઠાને સ્વર્ગારોહણના સર્વ સ્વજનો, 'સર્વ મંગલ'ના સૌ સ્વજનો તથા અધ્યાત્મના વિશાળ વાચકોના વંદન હો ! વંદન હો ! વંદન હો ! વંદન હો ! શત શત વંદન હો.



ગઈ સાંજે જ અસ્થિવિસર્જનનો અને એ અસ્થિકુંભની યાત્રા તથા વિરામસ્થાનનો વિચાર પરમસખાએ માના મનઅંતરે પ્રગટાવ્યો.

શ્રી નારાયણ પરમધામમાં ૯ માર્ચે પ્રસ્થાન કરે છે. તો હવે સાત દિવસ ભાવનગરના નિવાસમાં રહેશે તે પછી તા.૧૬ મીએ સત્યપથ ક્ષણિક વિશ્રામ લઈને બ્રહ્મપુરી પણ ક્ષણિક વિશ્રામ લઈને સ્વર્ગારોહણ પધારશે. સ્વર્ગારોહણમાં તા.૨૪ સુધી નિવાસ કરશે. તા.૨૫મીએ નર્મદાજીમાં અસ્થિવિસર્જન સૌ સ્વજન ભક્તોની હાજરીમાં થશે અને તે પછી શ્રી ગંગાજીના શ્રી અંકે એ યાત્રા પૂર્ણ થશે.

આ યોજના પરમસખાની જાણે ઉપરથી આવી રહી હોય એમ જાનીપરિવારે એને એકસૂરે વધાવી લીધી છે.

એ અસ્થિના સમૂહે શ્રીનારાયણનું ઘડતર કર્યું. તે અસ્થિ પણ ધન્ય છે. વંદનીય છે માટે જ તેનું પણ સંપૂર્ણ સન્માન સાથેનું આ આયોજન છે.

એ આયોજન પરિવારે શ્રદ્ધાભક્તિ સાથે વધાવ્યું છે. મા જે કહે તે જ કરવાનું. તેમાં જ મંગલ સૌનું. અહીં જાનીપરિવારની પરંપરાનું દર્શન છે. શ્રદ્ધાભક્તિભરી પરંપરા જ પ્રભુદ્વારેથી અલૌકિક આશીર્વાદ અપાવનારી બની જાય છે.

શ્રી નારાયણ-પરિવારની શ્રદ્ધાને પણ સૌનાં વંદન હો ! વંદન હો ! વંદન હો !

**—'શ્રી હરિની શબ્દયાત્રા'**

**'મા' સર્વેશ્વરી**

# ॥ 'અધ્યાત્મ'ના આદ્ય તંત્રીશ્રીનો દેહવિલય ॥

તા.૦૯ માર્ચ ૨૦૧૮ના રોજ આપણા સર્વના પરમ આદરણીય 'અધ્યાત્મ'ના તંત્રીશ્રી નારાયણભાઈ જાનીએ કેવળ પ્રભુસ્મરણમય રહીને દેહ ત્યાગ કર્યાના સમાચાર આવતાં સમગ્ર યોગેશ્વર પરિવાર તેમજ અધ્યાત્મપ્રિય વાચકોએ ભારે દુઃખની લાગણી અનુભવી. પણ 'આપણે માટીમાંથી આવ્યા છીએ ને માટીમાં જ ભળી જવાના છીએ. છતાં આપણે માટી જ નથી, જલ છીએ, સ્વચ્છ જલ. એમાં આત્માનું પારદર્શક રૂપ છે, જે પ્રભુસ્વરૂપે સદૈવ પ્રકાશવાનું છે.' એ સ્વામી રામતીર્થના શબ્દોએ (સ્થિરતા-સ્વસ્થતા બક્ષતાં) પ્રતીત કરાવ્યું કે, 'શ્રી નારાયણભાઈનો ક્ષર દેહ રહ્યો નહીં પણ એમનો અ-ક્ષર આત્મા 'અધ્યાત્મ' માસિકરૂપે સતત પ્રકાશતો રહ્યો છે ને રહેશે.'

કાર્લાઈલે કહ્યું છે : 'Happy is he who has found his work.' એ 'ધન્ય' છે જેને એનું જીવનકાર્ય મળી ગયું છે. પણ એ 'ધન્યતર' છે, જેને પોતાના કાર્યનો સંકેત સીધો પ્રભુદર્શી સંત પાસેથી મળ્યો. અને એ 'ધન્યતમ' છે જેણે આયુષ્યની છેલ્લી ક્ષણ સુધી એ કાર્ય પૂરેપૂરી નિષ્ઠા અને પૂર્ણ કૌશલ્યથી અદા કર્યું હોય. શ્રી નારાયણભાઈ આવા 'ધન્યતમ' બનવાનું સદ્ભાગ્ય પૂ.શ્રી યોગેશ્વરજીની કૃપાથી પ્રાપ્ત કરી શક્યા. પ્રતિષ્ઠિત સરકારી નોકરીની નિવૃત્તિ પછી પગારદાર નોકરીની ઓફર સામે પૂજ્યશ્રી યોગેશ્વરજીએ 'અધ્યાત્મ'ની નિઃશુલ્ક સેવાનો (જેમાં કદાચ ગાંઠના ઉમેરવા ય પડે) વિકલ્પ મૂક્યો. પ્રેમવશ શ્રી નારાયણભાઈએ એ વધાવી લીધો એટલું જ નહીં, પૂરા પ્રેમ-



અનન્ય નિષ્ઠાથી પૂરાં ૪૦ વર્ષ નિભાવ્યો.

'અધ્યાત્મ' માસિકના સંચાલન-સંપાદનનું એના સમગ્ર રચનાતંત્ર સાથેનું શ્રી નારાયણભાઈનું તાદાત્મ્ય એવું રહ્યું કે તેઓશ્રી 'અધ્યાત્મ'ના પર્યાય બની રહ્યા છતાં હૃદયની સચ્ચાઈ અને વિનમ્રતાથી, એ માસિકના મૂળ સંસ્થાપક શ્રી યોગેશ્વરજી પ્રત્યેનો કૃતજ્ઞભાવ એમાં સતત ઝરતો રહ્યો. આ રીતે 'અધ્યાત્મ'નું તંત્રીકર્મ એમને માટે ક્રિયાકાંડ નહીં, જીવનભરની સાધના બન્યું. એ કર્મ દ્વારા તે પ્રભુશક્તિના વાહક બન્યા અને એ નિમિત્તે યોગેશ્વર પરિવાર માટે જ નહીં, અનેક જિજ્ઞાસુઓ-સાધકો માટે તેઓશ્રી પ્રેરણારૂપ બન્યા.

'અધ્યાત્મ'ના અંકોના વર્ષોનો ઇતિહાસ જોતાં જણાય છે કે, એમાં અપાર વિષયવૈવિધ્ય રહ્યું છે. સર્વ દિશાઓમાંથી 'શુભ'ને સત્કારવું એ સામયિકની નેમ હતી. સર્વધર્મસમભાવ એમાં કેન્દ્રસ્થાને હતો. વર્ષો વધવાની સાથે 'અધ્યાત્મ'માં નવાનવા સભ્યો પણ જોડાતા રહ્યા છે. આજે એનો વ્યાપ વધીને ચાર હજારની સંખ્યાને આંબી ગયો છે. દેશવિદેશમાં દર મહિને 'અધ્યાત્મ'ના અંક પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજીના અધ્યાત્મ જાગૃતિના શુભ હેતુને પ્રસારી રહ્યા છે. પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીની સતત અમી ઝરતી કૃપાદૃષ્ટિ તેમજ સર્વમંગલ ટ્રસ્ટના સહયોગથી સાવ નજીવી કિંમતે ચૈતન્યપ્રસારનો એનો હેતુ સિદ્ધ કરી રહ્યા છે, એની પાછળ નિઃશંક શ્રી નારાયણભાઈના અથાગ પરિશ્રમ પરિમલની મહેક છે.

'અધ્યાત્મ'ની શબ્દજ્યોતિએ કંઈ કેટલાયના અંધારભર્યા હૃદયોમાં પ્રકાશ રેલાવ્યો હશે, કંઈ કેટલાયને એમાંથી જીવનને

ઉન્નત કરનારી દિશાઓનાં દર્શન થયાં હશે, કંઈ કેટલીય સમર્થ કલમો વાચકોની પ્રભુશ્રદ્ધા સંકોરવાનું નિમિત્ત બની હશે. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનો સૂક્ષ્મ પ્રકાશપંથ, કેટલાંય અવનવાં રૂપો ધારી, અધ્યાત્મની કેડી પર ભક્તોની આત્મશ્રદ્ધા દઢ કરવા સક્રિય બન્યો હશે. આનો હિસાબ તો કાળ જ કરી શકશે.

પણ સાચે જ સમયના દીર્ઘપટ પર શ્રી નારાયણભાઈની 'અધ્યાત્મ'ની એકધારી, સંનિષ્ઠ સેવા સદૈવ આપણે કૃતજ્ઞતાથી સ્મરીશું અને એ રીતે તેઓશ્રી 'અધ્યાત્મના અ-ક્ષર આત્મા' તરીકે અ-મર રહેશે.

અંબાજીના 'સ્વર્ગારોહણ'ના અનેક સત્સંગોમાં શ્રી નારાયણભાઈની સ્પષ્ટ, સમજણયુક્ત, પ્રભુઅનુરક્ત, ઘનગંભીર વાણીનાં સ્પંદનો ગુંજ્યાં છે. ૯૮ વર્ષની વયે, છેલ્લે 'હિમાલયના પત્રો'નું કરેલું પ્રકાશન, એ પર્વ નિમિત્તે આપેલું પ્રવચન સાહેદી પૂરતું હતું કે, તેઓશ્રીએ જીવનમાં વર્ષો નહીં, વર્ષોમાં જીવન પૂરેલું અને એટલે જ, એ જ ઉત્સાહ, રસ, લગન એમના દરેક બોલમાં એવાં વરતાતાં હતાં કે, 'હું પાનખર નથી, પણ વીતેલી વસંતોનો વૈભવ છું' પંક્તિનું સ્મરણ થાય. એક 'સદાબહાર સત્સંગી' તરીકેની છાપ સ્વર્ગારોહણના નાના-મોટા દરેક સાધક પર એ અંકિત કરી શક્યા હતા. બધાં એમને 'નારણકાકા'ના હુલામણા નામથી સંબોધતા. સ્વયં 'મા' સર્વેશ્વરી પણ એમને હંમેશાં 'વડીલ-મુરબ્બી-સ્વર્ગારોહણના નાનામાં નાના બાળક' કહીને પ્રેમથી સન્માનતા.

તેઓશ્રી એક સદ્‌ભાગી દાદા-વડદાદા હતા, જેમણે સ્વર્ગારોહણના વિવિધ સેવાકાર્યોમાં પોતાની ચાર-ચાર પેઢીઓને



પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી તેમજ પૂ.'મા' સર્વેશ્વરીના 'આધ્યાત્મિક તેજ' સાથે પ્રેમથી અનુસંધિત થતી જોઈ હતી. એમના બહોળા પરિવારના સર્વ સભ્યોના મન-અંતર પ્રભુશ્રદ્ધાથી સુગંધિત છે.

પોતે એક સાધારણ ગૃહસ્થ તરીકે જીવ્યા છતાં અસાધારણ સમજણ અને આગવી બુદ્ધિશક્તિથી પોતાના બાલસખાના 'સાચા સંન્યસ્ત-વૈરાગ્ય-પ્રખર પ્રભુપ્રેમ-પ્રકાશને પંથે ચાલતાં-ચાલતાં સ્વયં પ્રકાશસ્વરૂપ બની ગયેલ. પૂજ્ય શ્રી યોગેશ્વરજીના આંતરઐશ્વર્ય તે બરાબર પિછાની શકેલા.' જેની નોંધ પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજીએ વારંવાર બહુ પ્રેમથી કરી છે, એમની મૈત્રી અને એમનાં ગૃહલક્ષ્મી શ્રી સરસ્વતીબહેનના પ્રેમસભર આતિથ્યની પણ એમણે ભારોભાર પ્રશસ્તિ કરી છે.

આમ, પૂજ્યશ્રી યોગેશ્વરજીના સન્મિત્ર તરીકેનું પરમ સદ્‌ભાગ્ય એમને સાંપડ્યું, તો એ સદ્‌ભાગ્ય-કૃપાપ્રસાદને 'અધ્યાત્મ' માસિક નિમિત્તે આપણે સર્વમાં બહુ પ્રેમથી-વિનયથી-ઔદાર્યથી અને છલોછલ વિનમ્રતાથી વર્ષો વહેંચ્યો; પોતે ધન્ય થયા અને આપણને ધન્ય કર્યા.

શ્રી યોગેશ્વરજીને સતત વંદના કરતો શ્રી નારાયણભાઈનો વિનમ્ર, ભાવવિહ્વળ સ્વર, સ્થળકાળને અતિક્રમતો પડઘાશેઃ

''મિત્ર ! અમે કાચી માટીનું કોડિયું, તમે પ્રગટ્યા ઝળહળ જ્યોત''

દર્પરહિત શ્રી નારાયણભાઈને હૃદયપૂર્વક શત શત વંદન !

**—તંત્રી વંદના**

# ॥ ભાવવંદના ॥

વંદનીય શ્રી કાકાને વંદના !

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, નવમીની મહારાત્રિએ મહાત્માશ્રી યોગેશ્વરજીમાં વિલીન થઈ, અમરત્વ પામ્યું !

એ મહાપ્રયાણના નારાયણને દેવોએ તથા મહાત્માજીએ શું માણવા હતા? તેથી ઈશ્વરે આ સવલત કરી? શ્વાસોની હલનચલન લુપ્ત થઈ! પણ જીભે વસેલી સરસ્વતી ગુણલાં ગાવામાં કાંઈ પાછી નથી પડી !!

એમની વાણીમાં વહેતી મૈત્રીની મિસાલ અનુપમ રહી !

અવનીથી આકાશને જોડતી, મા-પ્રભુનાં ધબકાર સમી દેહાકૃતિમાં પ્રણામોની શૃંખલાને શું સાક્ષાત્ માણવી હતી? તમે તો વહેતી નદીને પામ્યા પ્રભુ ! પણ અહીં તો રેગીસ્થાન જ રહ્યાં ! તેનું શું ?

'અધ્યાત્મ'નો અભિગમ એમના શ્વાસમાં વણાયો ! એ અવિરત પ્રેમપ્રવાહની ગંગાલહરી અમર રહેશે !

—સુશીલાબેન ભક્ત તથા પરિવારજનોનાં શ્રદ્ધાસુમન સ્વીકારશો.

શ્રી ચરણોમાં પુષ્પાંજલિ સાથે પ્રણામ સ્વીકારશો.

શ્રી પ્રવીણભાઈ તથા ભારતીબેન ઓરણા, અમેરિકા.

તા.ક.પરિવારજનો !

સંસ્કૃતિમાં આદર્શ પિતાનું ગૌરવ લેવું અત્યંત સરાહનીય તેમજ પૂજનીય છે.

—શ્રી સુશીલાબહેન ભક્ત



# ॥ શ્રી નારાયણકાકા-"ગુરુમુખી" પ્રતિભા ॥

શ્રી મા-પ્રભુના પરિવારની એક અનોખી પ્રતિભા પ્રભુમાં વિલીન થઈ ગઈ. તેમની ખોટ તો સમગ્ર પરિવારને પડશે જ. તે નિર્વિવાદ છે.

જેમની હાજરી માત્ર એક પ્રકારનો આદરભાવ અને આનંદભાવ જગવે તેવું વ્યક્તિત્વ કાકાનું.

તેમની વાણી માત્ર પોતાના પરમ સખાનાં જ ગુણગાન અને પરમ માતાની સતત આરતી ઉતારતા હોય તેવી !

"અધ્યાત્મ" તેમનું માનસસંતાન. "અધ્યાત્મ"ને જન્મ આપ્યો, પાળ્યું, પોષ્યું અને ૪૦-૪૦ વર્ષ સુધી તેને સતત પ્રભુની જ સંપત્તિ માનીને જતન કરીને ઉછેર્યું.

પ્રભુના સાચા પાર્ષદ અને પરમ માતાના બાળક બનીને, જ્યાં જ્યાં હરિગુણ ગાવાની તક મળી તેને તન-મન-ધનથી અને આનંદથી ગાતા રહ્યા ! પરમ માતાના શબ્દોમાં કહીએ તો- "ગુરુમુખી" બની ગયા !

એવા એક મુઠ્ઠી ઊંચેરા માનવની સાથે જે પણ થોડો સમય ગાળવાનો અવસર મળ્યો, તે અમારું આપણું સૌભાગ્ય ગણી શકાય.

પ્રભુના શબ્દોને વેદવાક્ય માનીને, પરમ માતાના પ્રીતિપાત્ર બનીને જેમણે આજીવન પરમનું સાન્નિધ્ય સેવ્યું એવા એ ભક્તજનને અમારા વંદન !

સ્વયં પ્રાર્થનામય જીવન જીવ્યા અને અનેકને પ્રભુમાર્ગે દોર્યા, તેવા શ્રી નારાયણકાકાના પગલે ચાલીને, સર્વસમર્પિત

થઈને જ તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી શકાય.

આપ, પ્રભુના યુગકાર્ય માટે, પરમાર્થ માટે ફરી ફરી પરમ પૂજ્ય શ્રી મા-પ્રભુ સાથે પધારો અને અમારા જેવા અનેકોને એનો લાભ મળે તેવી પરમ માતાને વિનંતી.

હે સંતપુરુષ ! અમારી ફૂલવાડીને આપના અલૌકિક આશિષ સતત મળતા રહે એવી પ્રાર્થના !

**–'ફૂલવાડી' નોર્થ અમેરિકા**

વસંતઋતુ હતી. તપસ્વિની રાબિયા એક કુટિરમાં ધ્યાન ધરતી હતી. તે વખતે તેમની એક સેવિકાએ કહ્યું; 'માતાજી! જરા બહાર આવીને જુઓ તો ખરાં. સૃષ્ટિની શોભા શી પૂરબહારમાં ખીલી રહી છે!' રાબિયા બોલી; 'તું જરા અંદર આવીને તેના સ્રષ્ટાની–રચયિતાની શોભા તો જો!'

★

ખુદાના પ્રેમનું એવું પ્રભુત્વ છે કે તેના સિવાય દિલમાં અન્યની દોસ્તી કે દુશ્મની માટે જગ્યા નથી.

★

પ્રેમની પરાકાષ્ઠા એ છે કે શરીર, મન, આત્મા બધું જ અદશ્ય થતું જાય. માત્ર રહે પરમાત્મા. પછી પરમાત્મા પણ અદશ્ય થાય અને ભર્યોભર્યો સૂનકાર રહે. આ અવસ્થા એ પ્રેમની ઉન્નત અવસ્થા છે.

**–શ્રી રજનીશજી**



# ॥ દીકરીનો પિતાને પત્ર ॥

**–શ્રી જ્યોત્સ્નાબહેન ત્રિવેદી**

પૂજ્ય અને પ્રિય કાકા-જીજી,

જીવનમાં આપે મને અને મેં આપને અનેક પત્રો લખ્યા આજનો પત્ર પૃથ્વી પરની કોઈ પોસ્ટ કે કુરીયર સર્વીસ માત્ર મા સિવાય આપને પહોંચાડી શકે તેમ નથી. છતાં આજે હૈયું હાથ નથી રહેતું એટલે લખ્યા સિવાય નથી રહી શકતી.

જીવનમાં જન્મ પછી આપનો પહેલો સ્પર્શ ક્યારે પામ્યા એની તો જાણ જ નથી પણ પ્રથમ પુત્રની વિદાય પછીના મારા જન્મે આપ માતાપિતાના અદકા વ્હાલથી મારા જીવનને મઢી દીધું. કાકા વયની દૃષ્ટિએ હું ક્યારેય મોટી ના થઈ શકી. આપે મને પ્રેમથી સતત એ બાહોમાં ઝુલાવ્યા જ કરી. એ મારું હૈયાનું પારણું ઝુલાવવાનું અધૂરું છોડી આપ કેવી રીતે જઈ શકો ? સાચે હું માની જ નથી શકતી. મને ખબર છે કોઈનું એમાં કંઈ જ નથી ચાલતું. મનુષ્ય દેહ ધારણ કરીએ એટલે ઉગ્યું તે આથમે અને ફૂલ્યું તે કરમાય એવું શીખવવામાં આવે સમજાવવામાં આવે પણ જીવાડવામાં નથી આવતું એટલે જ્યારે એ જીવવાનું આવે ત્યારે ખૂબ અઘરું પડે. કાકા બિંદુએ વિદાય લીધી જીજીએ વિદાય લીધી ત્યારે મને એમ હતું કે મારા કાકા છે ને ! આજે પણ એક વિશ્વાસ છે મા છે ને ! પણ આપની અનઉપસ્થિતિ જીરવી નથી શકતી. તમે અમને નથી અનાથ મૂક્યા કે નથી નોંધારા પણ આપની ગેરહાજરીમાં જાણે એવું વરતાઈ રહ્યું છે. આપ માંદા ૮૮માં ને હું ભાવનગર આવી, તો મારી જીજી કહે કાકાને કંઈ

થાય તો જ્યોત્સ્નાના બારે વાણ શું દુનિયા ડૂબી જાય આજે જાણે ખરેખર એવું લાગે છે. આજે જાણે જીજી નથી પ્રભુ નથી એવો સતત એહસાસ થઈ રહ્યો છે.

તમે તો જન્મથી જ નોખી માટીના નોખા માનવી પણ અનોખા પિતા. આપના જીવનની પ્રત્યેક પળ અમારા જીવનનું શિક્ષણ હતી. જીવનમાં સાદાઈ સ્વચ્છતા સંતોષ છતાં એક ઉદાત્તતા અને ગૌરવ તમારું વ્યક્તિત્વ જ એવું કે તમે જ્યાં જાઓ ત્યાં એક પ્રકાશ પથરાઈ જાય એટલે એક નવું વાતાવરણ નિર્માણ કરવાની આપની એક આગવી પ્રતિભા અને ઉપસ્થિત સહુના જીવન પર એક પહેલ પાડે. આપે એક સંત જીવન સંગથી આપે આપના જીવનનું કલ્યાણ કર્યું પણ સાથે સાથે જગતના અનેક જીવોનું કલ્યાણ કર્યું જાણે એ જ આપના જીવનની સાચી મૂડી અને અમારા સહુની પણ.

તમારી પ્રમાણિકતા, નિષ્ઠા, નિડરતા મનુષ્ય જીવનને દેવ જીવન બનાવવામાં જે જે ગુણોની જરૂર હોય તે બધા જ ગુણો કેટલાક સહજ હતા કેટલાક પ્રગટાવ્યા. આપ એક ધન્ય ભવ્ય અને દિવ્ય જીવન જીવી ગયા તેના પાયામાં આપના જીવનની સહજતા સરળતા ને નિર્મળતા અને એમાં પણ પ્રેમમય જીવન એ બધાંનું જાણે અમીઝરણું.

પિતા તરીકે આપ અમારી સાથે કદી ઉગ્ર નથી થયા એવી કડક વાણી વર્તન કે મારની શિક્ષા નથી ઘટી. આપના અમારા સહુ પરના એક અદ્‌ભૂત વિશ્વાસે એક પણ બાળકને ક્યાંય પણ આડા અવળા નથી થવા દીધા.

જીવનમાં અમે સહુએ પણ અમારા જીવનમાં જે કંઈ સફળતા પ્રાપ્ત કરી તેનું પ્રત્યક્ષ અને પરોક્ષ શ્રેય આપને જ જાય



છે. જીવનમાં પહેલી વાર અને છેલ્લી વાર મેં આપને મારા અભ્યાસ માટે એક વાક્ય કહ્યું કાકા હું તમારા ઘરમાં જન્મી કે બીજા કોઈના ઘરમાં જન્મી હોત તો શું ફરક પડત? તમે એ વાક્ય ખૂબ પોઝીટીવલી લઈને મારી જીજીને ચેન વેચવા સંમતિ આપી, મારી કારર્કિદી બનાવી એ અસમાન્ય ઘટનાએ મારા જીવનમાં તમને બંનેને એક દેવનું સ્થાન આપી દીધું.

તમારો જીવન પ્રત્યેનો અભિગમ હંમેશાં સકારાત્મક રહ્યો. હું ઘણીવાર તમને મશ્કરીમાં કહેતી ''કાકા તમને તો કોઈનો કદી પણ એક પણ દોષ ન દેખાય,'' તમે માત્ર સ્મિત કરો. મારા બંને હાથ અમદાવાદમાં ફ્રેકચર થયા તમે મને કહ્યું બેટા ! પગ ભાંગ્યા હોત તો ઘરે કેવી રીતે જાત. પ્રભુ કૃપાનું દર્શન કરાવ્યું.

ઘરમાં આવેલી દીકરીઓને ખેરખર દીકરીઓની જેમ જ રાખી. પ્રતિમા પ્રગતિ કે ઉર્વશી અને જ્યોત્સ્ના તેમાં કદી પણ કોઈ ભેદભાવ ન રાખી ઉત્તમ ઉદાહરણ સમાજને પૂરું પાડ્યું અને એ દીકરીઓએ પણ આપને એ જ સ્થાન આપ્યું. એ પણ ભૂલી ગઈ કે તમે સસરા નથી પિતા જ છો અરે ! અમારી ઉર્વી કે ઋત્વી સુધી પણ એ જ માયા અને પ્રેમ દાખવ્યો. આપના દીર્ઘાયુષ્યમા અનેક અસાધારણ ઘટનાઓ છે બધી સ્મૃતિ પટ પર વ્હાલથી દોડી આવે છે તેની પાછળ આપનું વ્હાલસોયું જીવન જ કારણભૂત છે. વ્હાલ અને પ્રેમને જીવંત સ્વરૂપ ધારણ કરવાનું મન થયું હશે ત્યારે એ તમારું રૂપ ધરીને આવ્યા હશે.

તમે પૃથ્વી પર જ્યારે આવો ત્યારે જેમ અમે મા પ્રભુને મેળવવાની ઝંખના રાખીએ છીએ તેમ આપને અને જીજીને પણ અમે અંતરના અંતરતમથી મેળવવાની ઈચ્છા રાખીએ છીએ
त्वमेव पितरौ न य विप्रयोग

નથી જોઈતું કોઈ તત્ત્વજ્ઞાન નથી જોઈતી કોઈ ભક્તિ, માત્ર બસ તમારા પ્રેમ સ્મરણમાં ઝુમીએ તમારા કાર્યો આગળ ધપાવી આપને ગૌરવ અપાવી શકીએ એવા આપની પાસે શુભાશીષ માંગીએ છીએ.

રામાયણનું એક એક પાત્ર એક એક આદર્શને પ્રગટાવે છે પણ પ્રભુએ આપમાં પ્રત્યેક આદર્શને ભરી દીધો. બધા જ સગપણનું આપ એક સરોવર હતા છો અને રહેશો. એ આદર્શો જીવવાની અમને શક્તિ ધરજો-જીવનમાં કદી પણ આપના બાળકો તરીકે કંઈ અપરાધ કર્યો હોય તો હે માતા પિતા અમને માફ કરજો અમે અંતરના અંતરતમથી આપ બંને પાસે ક્ષમા માંગીએ છીએ.

આપ તો અધ્યાત્મની જીવંત જ્યોત્ છો હંમેશાં જગતમાં ઝળહળતી રહેશે અને જગને પ્રકાશ ધરતી રહેશે. એ જ આપનું વ્હાલુ બાળક.

જ્યોત્સ્ના બહેનના સાષ્ટાંગ પ્રણામ.

**—જ્યોત્સ્ના ત્રિવેદી**

પ્રભુ પાસે એકાગ્ર ચિત્તે બેસવું એ 'ભાવભક્તિ' છે અને પ્રભુના વિચારો, વેદો, ઋષિઓએ કહેલા વિચારો, ગીતાના વિચારો ઘરે ઘરે પહોંચાડવા એ 'કૃતિભક્તિ' છે. આ બે ભક્તિનો સમન્વય એ જ સાચી ભક્તિ.

**—શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી**



# ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

—મા સર્વેશ્વરી

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૫૧**
**તા. ૬-૧-૮૩, ગુરુવાર, માગશર વદ આઠમ ૨૦૩૯**
**લેનેશિયા- જોહાનિસબર્ગ**

એકાવનમો દિવસ છે. આ ધરતી પર રહેવાનો કંટાળો આવ્યો નથી. આનંદ આવે છે. છ શહેરો જોયાં. હજી તો કેટલાંયે જોવાનાં છે. જોવાનાં છે એટલું જ નહીં, પણ સત્સંગનો લાભ પૂ.શ્રી તે બધાં શહેરોને આપવાના છે.

આ દેશમાં સ્વચ્છતા ને શાંતિ ધ્યાન ખેંચે એવી બાબત છે. બહાર હોર્ન કે બીજા કોઈ અવાજનો ઘોંઘાટ જ ન મળે. હજારો ગાડીઓ હાઈ-વે ઉપર ઝડપથી પસાર થાય, પણ શાંતિ. નિયમપાલનની શિસ્ત ધન્યવાદને પાત્ર છે.

સવારે પૂ.શ્રી સાડા ત્રણ કલાક લેખન કરે છે. થાક, આળસ, કંટાળા વિના એમનો લેખનનો યજ્ઞ નિયમિત ચાલે જ છે. મહાભારતના કેટલાયે પ્રસંગોને પૂ.શ્રી પોતાની રીતે નવા દૃષ્ટિકોણથી જનતા સમક્ષ મૂકી રહ્યા છે. ભયંકર માંદગીમાંથી પ્રભુકૃપાથી જીવન મળ્યું, તો જનતાની વધુ ને વધુ સેવા કરવી એવી પૂ.શ્રીની ભાવના છે. પરિણામે, 'શ્રીરામચરિતમાનસ' ને ગુજરાતી કાવ્યમાં ઉતારવાનું ભગીરથ કાર્ય કર્યું. હવે એવું જ 'મહાભારત' વિષેનું પોતાનું પ્રદાન પણ જનતા જનાર્દનને ચરણે ધરશે.

ભોજન હાથે જ બનાવવાનો આનંદ છે. મનગમતા ભોજનમાં ખીચડીનું સ્થાન પૂ.શ્રીના જીવનમાં મહત્વનું છે. આજે પણ ખીચડી જ બની.

બપોરની મુલાકાતમાં એક ભાઈ શ્રી જયપ્રકાશ નારાયણના આધ્યાત્મિક વિચારો અંગે પૂ.શ્રી સાથે ચર્ચા કરે છે. વળી બીજા એક ભાઈ ગુરુ અંગે માર્ગદર્શન માંગે છે.

પ્રશ્ન : આપણે ગુરુ કર્યા હોય, પછી તેમનાથી સંતોષ ન હોય, તેમના મંત્રમાં પણ શંકા રહ્યા કરતી હોય તો ગુરુ કે મંત્ર બદલવામાં દોષ લાગે ખરો?

પૂ.શ્રી : ના. ગુરુ કરવામાં આપણાથી કેટલીક વાર ઉતાવળ થઈ ગઈ હોય ને પાછળથી આપણને એમ થાય કે એ સાહસ હતું. તેમનો મંત્ર પણ આપણા હૃદયને શાંતિ આપવાને બદલે ડંખ્યા કરતો હોય તો આપણા આત્મિક કલ્યાણ માટે પાછળથી આપણને કોઈક સારા માર્ગદર્શક મળી જાય તો તેમનો મંત્ર સ્વીકારવામાં ને તેમને ગુરુ માનવામાં વાંધો નથી.

પ્રશ્ન : ગુરુ મંત્ર આપતી વખતે જ દોષ લાગશે એવો ડર બતાવતા હોય છે!

પૂ.શ્રી : એવા ગુરુને તમારા આત્મિક કલ્યાણમાં રસ નથી. આદર્શ ગુરૂ તો કહે, "તમને મારામાં કે મેં આપેલા મંત્રમાં રસ કે શ્રદ્ધા નથી તો તમે બીજાને માર્ગદર્શક બનાવી શકો છો. એટલું જ ઈચ્છીએ કે તમે પ્રભુપંથે ગમે તે રીતે આગળ વધો."

ઘેટાં-બકરાંના ટોળામાંથી બે-ચાર ઘેટાં-બકરાં બહાર જતાં હોય તો ભરવાડ લાકડી લઈને પાછાં પોતાના ટોળામાં ભેગાં



કરી દે છે. આ રીત આધ્યાત્મિક ક્ષેત્રે ઉચિત નથી. શિષ્યને બીજા માર્ગે રસ છે, શ્રદ્ધા છે તો તે માર્ગેથી પોતાના તરફ બળજબરીથી વાળવાનો ગુરુનો પ્રયત્ન યોગ્ય નથી જ.

આજે એકાદ-બે પ્રશ્નો જ પુછાયા. પછી દર ગુરુવારે શીરડી સાંઈબાબાની સ્તુતિ જે અમે બોલીએ છીએ તે આજે મુલાકાત સમયે ગાઈ સંભળાવી. યજમાન પરિવારે તેને ટેઈપ કરી લીધી.

પછી થોડો આરામ કર્યો. આજે રેડિયો લોટસના પ્રતિનિધિએ પૂ.શ્રીની મુલાકાત લીધી, જેમાં અંગ્રેજીમાં જ પ્રશ્નોત્તરી થઈ.

સાંજે પૂ.શ્રી થોડું લેખન કરે છે. સાંજની ધ્યાનની બેઠકમાં રોજેરોજ સંખ્યા વધતી જ જાય છે. પૂ.શ્રીએ આજે ધ્યાનની સમજ હિન્દીમાં આપી.

આજે પ્રવચન સમયસર થયું.

અન્ય કાંઈ ખાસ નોંધપાત્ર ન હતું.

ઉતારા ઉપર આવીને દૂધ-ફળ લઈ આરામ કર્યો.

**હરિઃ ૐ**

'હું ખુદાને ઓળખું છું' એવું કદાપિ કહેવું નહિ. 'હું તેને નથી ઓળખતો' એવું પણ કદી કહેવું નહિ. જવાબ આપવો કે 'ખુદાએ પોતાની કરુણાના પ્રભાવ વડે પોતાના સ્વરૂપનું તત્ત્વ મારી આગળ પ્રગટ કરી દીધું છે.'

**—સૂફી સંત અબુબકર શબલિ**

# ।। એક અનુપમ ચૈતન્યસંબંધ ।।

ગંગાજી માટે કહેવાયું છે કે 'ગંગા બીજું કશું ન કરત અને એકલા ભીષ્મને જન્મ આપત તો પણ 'આર્યાવર્તની માતા' તરીકે એ પૂજાત. એમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી બીજું કંઈ ન કરત અરે 'પ્રકાશના પંથે' આત્મકથા કે જેનું મહિમ્નસ્તોત્ર આજે અધ્યાત્મવિશ્વમાં ગુંજી રહ્યું છે; એ પણ ન લખત તો પણ ચાલત. કેમકે બહુ આકસ્મિક પણ સહજ રીતે યોગેશ્વરજીએ 'મા' સર્વેશ્વરીને 'પ્રકાશને પંથે સતત ગતિમાન સ્વ-રૂપ' તરીકે આપણી રૂબરૂ, આપણી વચ્ચોવચ્ચ જીવંત-સદા-સ્ફૂર્તિવંત રાખ્યાં છે. પૂ.માની પરમ વિભૂતિમત્તાના તેઓશ્રી જાણે વિધાત્રા બન્યા છે. '

આત્મકલ્યાણની પૂજ્યશ્રીએ પેટાવેલી જ્યોત 'મા' પણ જગતકલ્યાણરૂપે પ્રસારી એને દિન-બ-દિન ઓર દેદીપ્યમાન કરી રહ્યાં છે. પૂજ્યશ્રીના અખંડ સ્મૃતિદીપથી પોતાને જ નહીં, આખા જગતને અજવાસ અર્પી રહ્યાં છે. પૂજ્ય 'મા' તો જ્ઞાનેશ્વરની જેમ અતિ વિનમ્રતાથી આપણને પ્રતીત કરાવતાં રહ્યાં છે : 'હું તો સામાન્ય કાગળ છું. મારી કશી જ કિંમત નથી પણ હું મૂલ્યવાન છું કારણ કે મારા પર રાજરાજેશ્વરની મહોર લાગી છે.'

પૂજ્ય 'મા'એ પૂજ્ય શ્રી યોગેશ્વરજીને સદા પ્રભુરૂપે અંતઃકરણે અધિષ્ઠિત રાખ્યા છે હમણાં જ પૂજ્ય 'મા' એ પદની એક પંક્તિ



લખી છે : **'હરિની ફરતે સર્વેશ્વરી, સર્વેશ્વરીની ફરતે હરિ !'** એટલે પૂજ્યશ્રી યોગેશ્વરજીનું અલૌકિક સર્જન 'મા' સર્વેશ્વરી. આ સમીકરણ સૌ કોઈ સ્વીકારી લે એવું છે.

પણ પૂજ્ય 'મા'ની પરમ ચેતના આજે જે સ્તરે છે, જે ઊર્ધ્વતમ કક્ષાએ 'મા'નાં મન-વચન-મૌન-કર્મનો વ્યવહાર છે. માનવ્ય અને દેવત્વની અતિ પાતળી-સૂક્ષ્મ ભેદરેખાની જે લગોલગ છે એ નિહાળતાં સર્જક-સર્જનનો દ્વૈતભાવ, કર્તા-કર્તુત્વભાવ ગુરુ-શિષ્ય ભાવ અરે ભગવાન-ભક્તભાવ સંપૂર્ણપણે ખરી જતો, વિલય પામતો દેખાય છે. એને સ્થાને એક 'મધુર અદ્વૈત' એ 'ઉભય ચેતનાના સમન્વિત સ્વરૂપે' અનુભવાય છે. જેમાં પોંડિચેરીના માતાજીના શબ્દોનો પ્રતિઘોષ સંભળાય : 'એમના (શ્રી અરવિંદ) વગર મારું અસ્તિત્વ નથી, મારા વગર એમનો આવિર્ભાવ નથી.'

'ૐ યોગેશ્વરાય નમઃ' એ ઉચ્ચારણમાં, 'પૂજ્યશ્રી' શબ્દના ઉચ્ચારણમાં પૂજ્ય 'મા'ના હૃદયના સમગ્ર પ્રેમ-ભક્તિ ઊમટે છે. એ એમને માટે માત્ર નામ નથી, જીવંત પ્રભુની હાજરીરૂપ છે. એટલે એ ઉચ્ચારણ મંત્ર બની જાય છે. 'સ્વર્ગારોહણ'ના કણેકણમાં 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રજાપ એવા ભળી ગયા છે કે એના સમગ્ર વાયુમંડળમાં પૂજ્યશ્રી હાજરાહજૂર લાગે છે.

'યોગતીર્થ'માં પ્રતિષ્ઠિત પોતાની ચેતનાની શાશ્વતી જો પૂજ્યશ્રીએ નરી આંખે નિહાળી હોત તો શ્રી અરવિંદની જેમ એ પણ કહેત : 'જો મા ન હોત તો મારું સમગ્ર દર્શન સૈદ્ધાંતિક જ રહ્યું હોત. 'મા'એ જ એને વ્યવહારુરૂપ આપ્યું.'

પૂજ્યશ્રી યોગેશ્વરજી એકાંતમાં રહીને કઠિનમાં કઠિન સાધના દ્વારા 'પ્રકાશના પંથે' સ્થિત રહ્યા. પૂજ્ય 'મા' એ પંથ પર ચાલવા માનવજાતિની ચેતનાને તૈયાર કરવાની મહાકઠોર સાધના કરતાં રહ્યાં છે અને પળ પળ પોતાના વ્રત, જપ, તપ, યોગાસન, પ્રણામ, અનુષ્ઠાન, મૌનની અનવરત સિદ્ધિઓનો અ-પૂર્વ ઈતિહાસ રચતાં-રચતાં પ્રેમ અને કરુણાની એવી ગંગા વહાવી રહ્યાં છે કે, સમગ્ર માનવજાતને પોતાની દિવ્યતાની ઓળખ મળે. આમ એક જ પરમ ચેતનાનાં બે સ્વરૂપ દ્વારા, દ્વૈત દ્વારા બંનેની સાધના એકની સૂક્ષ્મરૂપે તો અન્યની પ્રગટરૂપે આજે રહી છે.

એટલે પૂજ્યશ્રી અને 'મા'ની ચેતના એક જ છે. બંનેમાં એક જ દિવ્ય ચેતના છે. હા, લીલા માટે આવું દ્વૈત કદાચ આવશ્યક. એટલે કોઈ વ્યક્તિને 'મા'માં પૂજ્યશ્રીની ચેતનાનો અનુભવ થાય કે 'મા'ની પાછળ પૂજ્યશ્રી રહેલા છે અથવા 'પૂજ્યશ્રીનું અલૌકિક સર્જન : 'મા' એમ કહી શકે. પણ બંને અભિન્ન, એકરૂપ છે એ નિઃશંક.

પૂજ્ય 'મા' શ્રી યોગેશ્વરજીને મધ્યસ્થ રાખી, એમને જ બધું સોંપી જે રીતે માનવકલ્યાણરત, હરેક જીવના કલ્યાણ અર્થે યજ્ઞકાર્ય કરી રહ્યા છે એ જોતાં જણાય છે કે, 'છેક શરીરના અંતિમ કોષ સુધીનું સંપૂર્ણ સમર્પણ મનુષ્યદેહે શક્ય છે. 'મા'ના પ્રત્યેક કાર્યમાં-વ્યવહારમાં-પ્રણામમાં 'પૂર્ણ, અ-શેષ સમર્પણ' ક્રિયાન્વિત થયેલું જોઈ શકાય છે.'

પૂજ્ય 'મા'નો સંદેશ-જીવનસંદેશ જ એ છે કે 'જગતમાં જો



પ્રભુનો આવિર્ભાવ કરવો હોય તો જગતનો ત્યાગ કરીને અવિરત ધ્યાનમાં જ નહીં, રોજિંદા જીવનમાં ક્ષણેક્ષણે ભગવાન સાથે એકતા અનુભવવાની છે.'

અને એટલે જ સ્વર્ગારોહણમાં સાધક તરીકે આવનાર માટે 'મા' એ પ્રભાતવંદનાથી માંડીને રાત્રિવંદન સુધીનું નિયત સમયપત્રક બહુ સ્નેહ-સૂઝપૂર્વક તૈયાર કર્યું છે. ક્ષણ ક્ષણ સાથે પ્રભુસ્મરણને જોડી જીવવાનો 'પ્રેમપંથ' 'મા' જાણે આકારી રહ્યાં છે.

તેથી મા સર્વેશ્વરી : પૂ.શ્રી યોગેશ્વરજીનું અલૌકિક સર્જન એમ કહી કર્તા-કૃતિને અલગ કલ્પવાથી જેમાં સંપૂર્ણ અદ્વૈત છે ત્યાં દ્વૈતતત્ત્વનો અણસારો આવી જાય છે. વસ્તુતઃ આ એક એવો ચૈતન્યનાતો છે જે જીવ-જીવ વચ્ચેનો નહીં, કે શિવ-જીવ વચ્ચેનો નહીં, એક શિવતત્ત્વનો બીજા શિવતત્ત્વ સાથેનો છે. જે ઈશ્વરી અનુગ્રહનું સીધું પરિણામ છે. કારણ કે ઈ.સ. ૧૯૭૯માં અંબાજીના મંદિરમાં શ્રી યોગેશ્વરજીએ મા જગદંબાની સંન્નિધિ માટે પ્રાર્થના કરેલી ત્યારે જગદંબાએ 'સાધારણરૂપમાં સેવા કરવા હું પોતે જ સ્થૂલરૂપ ધરી આવીશ.' અને સમાંતરે 'મા' સર્વેશ્વરીએ પણ પ્રભુ પાસે પ્રભુદર્શન પ્રાર્થેલું એટલે જ પૂજ્યશ્રી એમના જીવનમાં પ્રભુરૂપે પધાર્યા. 'મા' સર્વેશ્વરીના તન-મન-અંતરમાં હરિ એવા અધિષ્ઠિત રહ્યા કે 'હરિની હતી, હરિને વરી' એવો નિશ્ચિત ભાવ 'મા' એ અનુભવ્યો-ગાયો.

પછી તો ઈ.સ. ૧૯૭૯ થી ૧૯૮૪ સુધીનો કેવળ સાડાચાર-પાંચ વર્ષનો એ ઉભયનો અનન્ય ચૈતન્યનાતો કંઈક

એવું સિદ્ધ કરી ગયો કે, અહંકારરહિત આત્મઐશ્વર્યથી છલકતો પ્રેમ અધ્યાત્મના ઉચ્ચતમ શૃંગે આરોહી એ બે આત્માઓને તો ધન્ય કરી જ ગયો પણ સમગ્ર અધ્યાત્મજગત માટે શુદ્ધ, પવિત્ર, મંગલ ને દિવ્ય પ્રેમની એવી મિસાલ મૂકી ગયો કે 'મધુર અદ્વૈત'નું એ પ્રતિષ્ઠાન બની ગયો. એ પવિત્ર પ્રેમ હુતાશનમાં ન હતો કદી સ્ત્રી-પુરુષભાવ, ન હતો 'મમ' અને 'ત્વ'નો દ્વૈતભાવ. બંને હૃદયોએ જાણે પરમાત્માપ્રીતિ અનુભવવા અને જગતને એની ઝાંખી કરાવવા જ ભેખ લીધો હોય એમ સતત વ્રત-તપ-જપ-જાપ-અનુષ્ઠાન-યોગ-ધ્યાન-સમાધિ-ભક્તિ-કર્મ-જ્ઞાનની પુનિત ધારામાં નિમજ્જિત રહી જિજ્ઞાસુઓને—વ્યવહારજગતને પ્રવચનો, શિબિરો, લેખન, ભજનો વગેરેથી અજવાળતા ગયા. ભોગની લાલસાથી સંપૂર્ણ રહિત, ત્યાગના અહંકારથી અલિપ્ત, અપૂર્વ સંયમશ્રીથી સદા સોહતો આ અધ્યાત્મનાતો ભારતમાં જ નહીં, ઝામ્બિયા, કેનેડા, લંડન, અમેરિકા વગેરે દેશોમાં પણ આત્મજાગૃતિની સુગંધ પ્રસારતો ગયો, આજે પણ એનો પ્રભાવ અકબંધ-અક્ષત છે.

આ સાદા સીધા છતાં પરમ રહસ્યમય અધ્યાત્મ નાતાના શ્રીગણેશ મંડાયા સુરતમાં (ઈ.સ. ૧૯૭૧માં) પૂજ્ય મા સર્વેશ્વરી કે જેમનું પૂર્વાશ્રમનું નામ સરોજ હતું એ સુરતની સાધના સ્કૂલમાં આચાર્યાપદે હતાં. તેમણે વર્તમાનપત્રમાં શ્રી યોગેશ્વરજીના વ્યાખ્યાનની જાહેરાત વાંચી અને એમને સાંભળવા ગયાં. પૂજ્યશ્રીની અમૃતવાણીનો એવો પ્રભાવ એમના પર પડ્યો કે એ ક્ષણથી જ 'મા' એ એમને ગુરુપદે



સ્થાપી દીધા. અરે ! ઘરના મંદિરમાં પ્રભુપદે પ્રતિષ્ઠિત કરી દીધા. આ અનુભૂતિ 'મા' પોતાના એક પદમાં સરસ વર્ણવે છે :

**'શું રે મળ્યું મને શું રે મળ્યું સદ્‌ગુરુ પાસેથી મને શું રે મળ્યું'**
**ગુરુના ચરણે સઘળાં શાસ્ત્રો, પુરાણો,**
**વેદની ઝાંખી અડસઠ તીરથ..**
**સંતસ્વરૂપે પ્રભુ પોતે પધાર્યા, પ્રતિકૂળ પવન**
**વહાલે વશ કરી લીધો, સ્થિર કરી જીવનનાવડી.'**

આ પછી તો મંત્રજાપનાં સતત અનુષ્ઠાનો થવા માંડ્યાં. 'મા' અઢી મહિના પાશેર દૂધ પર રહ્યા. આખી નવરાત્રી પાણી પર કરી. સવા લાખ જપ થયા. આખી-આખી રાત દેવસ્થાન પાસે બેસી સતત આંસુ સાથે પ્રાર્થના થતી. 'મા' લખે છે તેમ, **'આંસુડાંની ધારેધાર અહર્નિશ આંખમાં !'** સવારે પાંચ વાગે ત્યાંથી ઊઠીને, સ્નાન-પૂજા કરી સ્કૂલે જતાં. સ્કૂલમાં ય સતત ભજનો લખાતાં જેવાં કે,

**'પ્યાલી પીને થઈ મસ્તાની.. કોઈ વાટ ન જુએ મારી.'** એટલે પગાર લેતાં 'મા'ને દુઃખ થતું. બે-ત્રણ વાર રાજીનામું આપવાની કોશિશ કરી પણ સંચાલકોએ એમ કહીને ના પાડી **'તમારું સંસ્થામાં હોવું સંસ્થાનું સદ્‌ભાગ્ય છે.'**

વેકેશનમાં 'મા' નિયમિત મોટાના મૌનમંદિરમાં જતાં. જતાં પહેલાં પત્ર દ્વારા પૂજ્યશ્રીના આશીર્વાદ માગતા. પૂ.શ્રી અચૂક પત્ર લખતા અને 'મા' ટપાલ આવવાના સમયે દ્વારે જ ઊભા રહેતાં રખેને પૂજ્યશ્રીનો પત્ર નીચે પડી જાય ! એ પત્રો પૂજ્યશ્રીના સ્વરૂપને અર્પણ કરીને જ વાંચવાના !

પૂજ્યશ્રીને મળ્યા પછી પદ લખેલું 'મા'એ :

**'અરે કોઈ શ્યામલ જોગીને જઈને કહેજો**
**જોગણ વાટડી જુએ !'**

આ પછી પૂજ્યશ્રીના દરેક પ્રવચન, શિબિરમાં જવાનો માનો નિયમિત ક્રમ થઈ ગયો.

એક દિવસ 'મા' મોરબી જવા સુરતથી એક જોડી કપડાં લઈ નીકળ્યાં. ટ્રેનમાં મણિનગર સ્ટેશન આવતાં પૂજ્યશ્રી યોગેશ્વરજીને હૃદયનો હુમલો આવ્યાના સમાચાર જાણ્યા ને 'મા' ત્યાં જ ઊતરી જઈ સીધાં પૂજ્યશ્રીને જ્યાં દાખલ કરેલા એ વિવેકાનંદ હૉસ્પિટલમાં ગયાં. અને ગુરુસેવા માટે રોકાઈ ગયાં. સુરત સાધના સ્કૂલમાં પોતાનું રાજીનામું ટપાલ દ્વારા મોકલી દીધું અને પિતાજીને પણ પત્ર પાઠવી દીધો કપૂરામાં ! નોકરીત્યાગ, ગૃહત્યાગ અને સંસારત્યાગ એક ઝટકામાં થઈ ગયા. ત્યાગ કરવો ન પડ્યો, થઈ ગયો. સર્વસમર્પણની ઘડી જેવી આવી કે વધાવી લીધી ! કેવી અનન્ય શ્રદ્ધા, સાહસ અને નિર્ભયતા અને નિર્ફિકરાઈથી 'મા' લખે છે :

**'ઝુકાવ્યું જીવન મારું રે પ્રભુજીના પંથે**
**નિંદા ટીકા ભલે થાય સ્વજનો વળી છોડે**
**જે થવાનું હોય તે થાયે રે પ્રભુજીના પંથે.'**

આ મહાભિનિષ્ક્રમણ બુદ્ધ જેવું જ. સમજણ પ્રગટી કે જીવવાનું શરૂ કરી દીધું. મુલતવી રાખવાની વાત જ નહિ. પૂજ્યશ્રી પણ આ અંગે અતિ પ્રસન્ન થઈ લખે છે :

**'સાક્ષાત્ જગદંબા જ મારી સેવા કાજે સ્વયં પધાર્યાં !**



**શાળા છોડી 'મા' સંસારની મહાશાળામાં સ્કૂલના સીમિત નાના ક્ષેત્રને છોડીને વિશાળ સેવાક્ષેત્રમાં પ્રવેશ્યા !'**

'મા'ની અહર્નિશ સેવાથી પૂજ્યશ્રી રોગમુક્ત બન્યા. પુનઃ સ્વાસ્થ્ય પામી સૌથી પહેલો વિચાર 'મા'ના રહેવા અંગે પૂજ્યશ્રીએ કર્યો. નારણપુરા સકલ એપાર્ટમેન્ટ 'સત્યપથ' લીધો. પૂ.'મા'નું આધ્યાત્મિક ઘડતર હવે સવિશેષરૂપે થવા લાગ્યું.૧૯૮૦થી ૮૪ દેશ-વિદેશની કેટલીય યાત્રાઓ, પ્રવચનો, શિબિરોમાં 'મા' પૂજ્યશ્રી સાથે જ રહ્યાં. પૂ.શ્રીના લગભગ દરેક પ્રવચનની પૂર્ણાહુતિ 'મા'ના ભજનથી થતી. 'મા'ની રોજની ડાયરીમાં પૂજ્યશ્રીની ઝીણામાં ઝીણી વિગતની સૂક્ષ્મ નોંધ 'મા' રાખતાં જેનું સુફળ આપણને આજે 'શ્રી યોગેશ્વર કથામૃત'રૂપે પ્રાપ્ત થયું છે.

પૂજ્યશ્રીનાં માતાજી જ્યોતિર્મયીની બીમારીમાં 'મા'એ જે સેવા કરી એને માટે એમણે જ લખ્યું છે : **'સગી દીકરી પણ ન કરે એવી સેવા સરોજે કરી !**

૧૯૮૪ની ૧૮ માર્ચ સુધી પૂ. 'મા' પૂજ્યશ્રીની પરમ સંનિધિમાં રહ્યાં.પૂજ્યશ્રી બ્રહ્મલીન થતાં થોડાક મહિના તો પૂ.'મા' પ્રભુવિરહમાં એવાં ઝૂરી રહ્યાં જાણે કૃષ્ણવિરહમાં મીરાં ! અન્નશન સહજ થઈ ગયું. પ્રભુની ઇચ્છા હશે ત્યારે આવીને કોળિયો ભરાવશે.' એવી જાતનિરપેક્ષતા આવી ગઈ. (મા-પૂજ્યશ્રીની સંનિધિના સદ્ભાગી સાક્ષીઓ કહે છે : **પૂજ્યશ્રી જમવા બેસતી વખતે પહેલાં 'મા'ને પીરસતા અને પછી ખાતા, આવો પ્રેમભાવ જેણે અનુભવ્યો એ 'મા' માટે વજ્રલેપ બની**

**જાય છે. એનાથી ઓછું એમને ખપે જ શી રીતે ?**

આ પૂ.'મા'ને ૧૯૭૮માં ૧૯ જાન્યુ.ના રોજ દક્ષિણ ભારતની યાત્રામાં શ્રીશૈલ પર્વત પર મલ્લિકાર્જુનના સુંદર-શાંત સ્થળમાં ઈશ્વરના અનુગ્રહથી વગર માંગ્યે દીક્ષા મળી. પૂજ્યશ્રી કહે છે તેમ, 'એમના સંસ્કારોનો સમુદાય થવાથી એમને કોઈ પણ પ્રકારના પૂર્વસંકલ્પ કે કોઈ પણ પ્રકારની પૂર્વયોજના વિના દીક્ષા આપવાનો અવસર ઉપસ્થિત થયો.' અને આમ એક દિવ્ય-અલૌકિક ચેતનાનું બીજી દિવ્ય ચેતના સાથે સાયુજ્ય રચાયું. જે પ્રભુનિર્મિત હતું.

પ્રભુએ તો આ સાયુજ્ય રચ્યું. પણ સહજભાવે જે સાયુજ્ય રચાઈ ગયું એનો આદર, એની પ્રતિષ્ઠા 'મા' જે રીતે, જે ભાવે કરે છે અને પળ-પળ પ્રભુના એ ઋણને સ્મરી, અનન્ય કૃતજ્ઞભાવથી પ્રભુને અંગત સાધનાના સતત ઊંચા ચઢતા ગ્રાફથી પરમવંદના કરે છે અને એની સમાંતરે પ્રભુસર્જિત સૃષ્ટિના અંશેઅંશનો જે રીતે સમાદર કરે છે, સૃષ્ટિના કણ-કણમાં રહેલી દિવ્યતાને જાગૃત કરવા સ્ફુટ કરવા જે મથામણ કરે છે; એ સંપૂર્ણપણે લૌકિક નરી આંખે જોઈ શકાય એવી પ્રગટ ઘટના છે.

મા દિવ્ય છે, અલૌકિક છે, અનુપમ છે એમ કહી એમને કોઈ મૂર્તિની જેમ એક સ્મૃતિ-ગોખલામાં પ્રતિષ્ઠિત કરી દેવા. એના કરતાં એમની જીવાતી પ્રત્યેક ક્ષણને જોઈ-સમજી-ઓળખી, એને લૌકિક આપણા જેવા જ પણ 'પોતાના આત્માની અખૂટ સંભાવનાનું ઐશ્વર્ય પ્રગટ કરતા સાધારણ જીવ તરીકે જોઈએ ત્યારે એમની અસાધારણતા-દિવ્યતા કે અલૌકિકતાનાં



દર્શન આપણને વિશેષ થાય છે.'

'મા' જે રીતે આબાલવૃદ્ધ સાથે સંપર્ક રાખી રહ્યાં છે. એમાં દરેક જિજ્ઞાસુની દરેક પ્રકારની ચિંતા-સમસ્યા અત્યંત સમભાવ અને કરુણાથી જાણી-સમજી એમને એમાંથી મુક્ત કરવા મથે છે. સરળ બોધ દ્વારા, પ્રાર્થના પ્રણામ જેવી સરળ પ્રભુવિજ્ઞપ્તિ દ્વારા ! ક્યારેક કડક શિક્ષક થઈ ઉપાલંભ દ્વારા પણ જિજ્ઞાસુને ટપારે. જરૂર પડે ત્યાં બુલડોઝર ફેરવી દેતાં ય અચકાય નહિ. દંડો ઉગામેલો જ રાખે. શિખામણની સાવરણીથી કચરો કાઢતાં જ રહે. 'મા' જ કહે છે તેમ, 'ભક્તના હૃદયમાં જરાક તિરાડ જોઈ કે 'મા' સાપની જેમ એમાં સરકી જાય.' ભક્તના હૃદયમાં જરાક જેટલો અવકાશ જોતાં 'મા' પોતાનું સ્થાન જમાવી દે છે.

જેવો જિજ્ઞાસુ તેવો 'મા'નો બોધ, તેવી 'મા'ની ભાષા. આશય એક માત્ર એના ઉદ્ધારનો, એની પ્રભુમાર્ગે ગતિ વધારવાનો !

કોઈને ચૉકલેટથી, કોઈને બિસ્કિટથી, કોઈને નોટબુકથી, કોઈને પેનથી, કોઈને અન્ન-વસ્ત્ર-રહેઠાણથી તો કોઈને સ્લૅટ પર સતત વહેતી શબ્દગંગાથી, કોઈને પાસે બેસાડી, કોઈને બહાર રાહ જોતાં રાખી, કોઈને ફોનથી તો કોઈને પત્રથી.'મા' પોતાની રીતે રિઝવી 'સંસારમાં રહેવા છતાં સંસારથી અલિપ્ત' રહેવાની કળા શિખવાડી દે છે. બહિર્મુખતા ઘટાડી અંતર્મુખ થવાની પ્રેરણા અર્પે છે. દુન્યવી-ભૌતિક બાબતોમાંથી ઉઠાવી ધીમે-ધીમે પ્રભુમયતા વધારે છે. હા, સાંસારિક ફરજો, વ્યાવસાયિક કર્તવ્યો, પ્રાપ્ત કર્મોને સારામાં સારી રીતે અદા કરવા પણ 'મા'

સતત આપણને પ્રોત્સાહિત કર્યા કરે છે. 'મા'એ જિજ્ઞાસુઓનો એક એવો પણ વર્ગ ઊભો કરી દીધો છે જે 'મા'ની ઉપસ્થિતિમાં જ નહિ, એમની અનુપસ્થિતિમાં પણ અન્યથા વર્તી શકતો નથી. 'મા'ના સૂક્ષ્મ પ્રેમનો પ્રભાવ જબરદસ્ત છે. 'મા' ભક્તોને સ્થૂળ સંનિધિ માટે નહિ, સૂક્ષ્મ ચૈતસિક સંનિધિ માટે સતત પ્રેરે છે.

જેને જેમાં શ્રદ્ધા છે એ ઈષ્ટમાં એની શ્રદ્ધા બલવત્તર કરવાના જેટલા ઉપાય થઈ શકે એ સર્વ 'મા' કરે છે. ભૂલથી પણ શ્રીયોગેશ્વરજી કે પોતાના નામનું સ્ટીકર એ લગાડવાની કોશિશ નથી કરતા. જેના અંતરમાં જેને માટે ભાવ ઊગ્યો હોય એનો એ સંપૂર્ણ આદર કરે છે અને એટલે જ સ્વર્ગારોહણમાં પૂજ્યશ્રી રચિત 'પ્રકાશના પંથે'નું સન્માન થાય એટલું જ શ્રી રમણની 'અરુણાચલસ્તુતિ'નું પણ થાય !

'મા' 'ક્લાસ' માટે ય મથે છે ને 'માસ' માટે ય મથે છે. 'ક્લાસ' અહંકારથી પીડાવા ના માંડે - એટલે એમને માટે સતત આત્માનુસંધાન અને 'માસ' લઘુતાગ્રંથિનો શિકાર ન બને એ માટે પ્રભુ-અનુસંધાનની અલગ-અલગ યુક્તિઓ દર્શાવે છે. સાક્ષર હોય કે નિરક્ષર 'મા'ના દરબારમાં સર્વ સમાન છે. એ જેટલું કલમનું ગૌરવ કરે એટલું જ કોદાળીનું કરે. અરે ! જેટલું ગૌરવ વૃક્ષ-વેલી-ફૂલ-પાનનું કરે એટલું જ ગૌરવ પશુ-પંખી-કીડી-મકોડા-કીટાણુંનું પણ કરે.

'મા'ની પરમ ચેતનામાં જ્ઞાન, ભક્તિ અને કર્મ - પ્રભુપ્રાપ્તિના આ ત્રણે માર્ગોનું અદ્‌ભુત રસાયણ થઈ ગયેલું જોવા મળે છે. એ ધારે ત્યારે શંકરાચાર્ય (અદ્વૈતમાર્ગ સૂચવતા)



ધારે ત્યારે શ્રીકૃષ્ણ (અર્જુનને કર્મણ્યેવાધિકારસ્તે કહેતા) અને ધારે ત્યારે મીરાં (સમર્પિત ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ) બની શકે છે અને આ સર્વ રૂપો પાછળ 'છલોછલ પ્રેમની ભાગીરથી' તો વહેતી જ હોય. પરિણામે શુષ્ક પાંડિત્યને બદલે, જડ વિદ્વત્તાને બદલે રસમય અધ્યાત્મની આબોહવા સર્જી 'મા' સર્વેશ્વરી જાણે રસેશ્વરીરૂપે ભક્તોના હૃદયમાં અનવરત આહ્‌લાદવર્ષણ કરી રહે છે. દરેકને એવી આત્મીયતા લાગે કે 'મા' તો મારાં જ છે. હકીકતમાં આ 'મા' તો કોઈનાં નહિ, કેવળ પ્રભુનાં જ છે.

શું સત્યપથમાં કે શું સ્વર્ગારોહણમાં દીપ, અગરબત્તી, આરતી, ઘંટનાદ, સેવાપૂજાના કર્મકાંડોને બદલે જગતના સર્વ કષાયો-કટુતાને ઓગાળી નાખતી શાંતિ-પારાવાર શાંતિનો અનુભવ થાય છે. જગતના સઘળા ઘોંઘાટ, કોલાહલ પછી તે પૈસા, પદ, પ્રતિષ્ઠા, સ્પર્ધા, કૂડ-કપટ, દંભ-આડંબર, મલિન વ્યવહાર ગમે તેના હોય; આ પુણ્યભૂમિની બહાર બુટ-ચંપલની જેમ જાણે ઊતરી જાય છે અને સ્વર્ગારોહણમાં પગ મૂકતાં જ પરમાત્માપ્રીતિનાં સૂર સંભળાવા માંડે છે, ભીતર એનો જ પ્રતિઘોષ સંભળાય છે. ચંચળ ચિત્તના ઉધામા શાંત થઈ જાય છે. રોગી કે ભોગી શરીરોમાં જાણે યોગતત્ત્વ સંચરવા માંડે છે. ચોતરફ સ્થૂળ લેવડ-દેવડમાં રાચતો સંસાર અહીં શક્ય એટલું અર્પવા-સમર્પવા આતુર બની જાય છે એટલે 'तेन त्यक्तेन भुञ्जीथाः'નો ઉપનિષદ્‌મંત્ર અહીં આવનાર આત્મસાત્ કરતો થઈ જાય છે. 'જે પરમ પ્રિયને ત્યાગે એ પરમ પ્રભુને પામે' એ આ ભૂમિનો મુદ્રામંત્ર છે.

અહીં આવનાર જિજ્ઞાસુઓ વચ્ચે પરસ્પર પ્રેમભાવ સ્થપાય. કેવળ પ્રભુપ્રીતિવૃદ્ધિ અર્થે ઊભા થતા સંબંધો અંગત વ્યવહારુરૂપ ન લઈ લે એ વિશે 'મા' બહુ જાગૃત અને સાવધાન રાખે છે. એક સંસાર છોડીને અહીં આવતા જીવ અન્ય સંસાર રચી ન બેસે એ માટે 'મા' બહુ જ સાવધાની રખાવે છે.

'મા'ને જે શિસ્ત અભિપ્રેત છે વાણી-વર્તન-વ્યવહારનું એ સર્વનું ધીમે ધીમે આંતરશિસ્ત બની જાય છે. 'મા'ની સંનિધિમાં ક્યાંય ગરબડ, કોલાહલ નહિ મળે. એક હૃદયસંવાદની મધુરિમા અહીં અનુભવાય છે.

સુઘડતા, સ્વચ્છતા તેમજ પવિત્રતા સત્યપથ ને સ્વર્ગારોહણમાં મંગલમયતાના પર્યાય બને છે. આંતર-બાહ્ય શુદ્ધિ અહીં કેન્દ્રમાં રહે છે.

અહીં સમયના પ્રત્યેક ખંડનું યોગ્ય સન્માન કરવામાં આવે છે. આળસ, પ્રમાદ, નિરર્થક ટોળટપ્પાંને બિલકુલ અવકાશ ન રહે એવું સમયપત્રક 'મા' સ્વયં તૈયાર કરે છે. અલબત્ત એમાં ઋતુ-અનુકૂળ ફેરફારો કરી 'મા' લાગણીશીલતાનું દ્રવ્ય એમાં ઉમેરે છે. જોર-જુલમ કે જબરદસ્તીથી નહિ પણ સમજણભર્યાં નિયંત્રણનો 'મા' આગ્રહ એટલા માટે રાખે છે કે જેથી મનને છટકબારીનો આશ્રય ન લેવો પડે !

'સ્વર્ગારોહણ'માં પ્રત્યેક કલાકે 'શ્રી યોગેશ્વરાય નમઃ' મંત્રના ત્રિવાર સંગીતમય ઉચ્ચારણના આંદોલનો દ્વારા પ્રભુ આપણી આસપાસ-આજુબાજુ જ છે. એના પ્રત્યે સતત કૃતજ્ઞભાવ છલકતો રહેવો જોઈએ. આપણે નીરવ થઈ એ



પ્રેમરવને સાંભળવાનો છે. બહારનો કોલાહલ શમશે તો જ ભીતરનું-આત્માનું-પરમાત્માનું ગુંજતું સંગીત સંભળાશે. એવો અનુરોધ પૂ.મા જાણે કરી રહ્યાં છે.

એક ખાસ વસ્તુ 'મા'ની પુણ્યસંનિધિમાં આ પુનિત તીર્થમાં યાદ રાખવાની છે, અને તે એ કે અહીં કોઈ વ્યક્તિ કે વિભૂતિ કેન્દ્રસ્થાને નથી. પછી એ પૂજ્યશ્રી કે 'મા' કેમ ન હોય ! એ તો 'પ્રભુના પરમ પ્રતિનિધિઓ છે.' અહીં કેવળ 'પ્રભુ' મધ્યબિન્દુ છે, એ જ કેન્દ્રમાં પ્રતિષ્ઠિત છે. 'મા' અને પૂજ્યશ્રી પ્રભુનાં પ્રતીક છે, સમગ્ર નહિ. આ સત્ય દરેકના હૃદયમાં સ્થિર-પ્રતિષ્ઠિત કરાય છે. એટલે આપણે પણ આ બે પરમ પૂજ્ય પુણ્યશાળી પવિત્ર સંતોનો સ્થૂળ પ્રચાર કરવાને બદલે, એમનું ગૌરવ ઓછું કે ઝાંખું કરવાને બદલે એ ઉભય મહાન આત્માઓનો ચૈતન્યપ્રસાર થાય એ માટે સજાગ રહેવું જોઈએ. જો પૂ. 'મા', 'પ્રભુ' અને 'પ્રભુના પ્રતિનિધિ કે 'God appointed secretary' વચ્ચેની પાતળી ભેદરેખા કદી ઓળંગતાં ન હોય, સર્વ પ્રકારનો યશ કેવળ પ્રભુને જ સતત સમર્પતાં હોય, પ્રભુને જ ખો આપેલો રાખતાં હોય. 'મા'ને શું ?' એ ધ્રુવવાક્ય પર સ્થિર રહેતાં હોય તો આપણે પણ સ્થિર અને સ્વસ્થ ચિત્તે ગુરુઓનો પરમાદર કરી, વિવેક અને ઔચિત્યપૂર્વક વર્તવું જોઈએ. એ આપણી જવાબદારી બની જાય છે.

'મા' કદી 'અમે-તમે'ની ભાષા નથી બોલતાં. સતત 'આપણે' કહી આપણને એમની સાથે રાખવાનું અપૂર્વ ઔદાર્ય દાખવે છે-આપણી આત્મશ્રદ્ધા દૃઢ કરવા આપણે એમનો લાભ

અવશ્ય લઈએ પણ ગેરલાભ ન લેવાય એની કાળજી રાખીએ.

પશુઓ-પંખીઓ, વનસ્પતિસૃષ્ટિ, જીવજંતુઓ પરત્વે 'મા'નું સંવેદનસખ્ય પણ પ્રસંગે-પ્રસંગે તાદૃશ થતું, સહજ પ્રગટતું જોઈ શકાય છે. અરે પૂ. 'મા'ના પુનિત પ્રેમજળ-છંટકારથી ઈંટ, લોખંડ, ચૂના, પથ્થર, લાકડાં જેવા નિર્જીવ ગણાતા પદાર્થો પણ 'સ્વર્ગારોહણના પરિવારના સભ્ય' થઈ જાય છે. 'મા'ની કરુણા જ ન્યારી છે. એક યહૂદી કહેવત છે ને, **'ઈશ્વર સદેહે બધે પહોંચી શકતો નથી એટલે એ માતાને પૃથ્વી પર મોકલે છે.'** એની પૂર્ણ પ્રતીતિ 'મા' સર્વેશ્વરીમાં થાય છે. કેમકે સૃષ્ટિના કોઈ કરતાં કોઈ તત્ત્વની સહેજ પણ ઉપેક્ષા-અવહેલના તો નહિ જ, પણ પ્રત્યેકનો સમાદર એ 'મા'ના સહજ પ્રેમની સાચી પરિણિતિ છે. હવે તમે જ કહો, જે પરમ શક્તિ સૃષ્ટિના રચયિતામાં, સૃષ્ટિના સઘળા અંશોમાં 'પરમ પ્રભુ'નાં દર્શન કરતાં રહી, આપણને એ દર્શનદીક્ષા અર્પવા જ સતત પ્રયત્નશીલ રહે એ સાક્ષાત્ 'મા' સર્વેશ્વરી અને એ જ શાશ્વત સત્યની સિદ્ધિ કરવા જેમણે જન્મ ધારણ કરેલ એ પૂ.શ્રી યોગેશ્વરજી વચ્ચે સર્જક-સર્જનનો કોઈ ભેદ ટકી શકે તેમ છે ખરો ?

મા અને પૂજ્યશ્રી એક જ અભેદમાર્ગનાં યાત્રી છે. અને આપણા ભેદભાવોને ઓગાળી આપણ સર્વને પણ પ્રભુપંથે પ્રેમપૂર્વક લઈ જનાર 'પ્રભુના ખેપિયા' છે. આપણે સૌ એમને વારંવાર પ્રણમી, એમનામાં અપરંપાર શ્રદ્ધા રાખી, એમના સમર્થ જહાજ સાથે આપણી તૂટેલી-ફૂટેલી નાવ જોડી દઈએ અને પ્રાર્થીએ.



**'તમે મારું કરશો પાર જહાજ'**
અથવા
**'અમારી નૈયા પાર કરો ન કરો**
**તમારી મરજી.'**
**હરજી અમે તો લઈ ઊભાં એક અરજી.'**
અરે ! મીરાં કહે છે તેમ :
**'અમે તો ઊભાં થઈને અરજી !'**

**—તરલા દેસાઈ**

**જિસને અપની ખુદી ગંવાઈ**
**ઉસને જાની સચ્ચી ખુદાઈ**
**ખુદા દૂર નહીં બાદલોં મેં**
**વો તો તેરે પાસ બગલ મેં**
**વો તો તેરા અપના હમસાયા**
**ભીતર મેં ઔર બાહિર ભી**
**—શ્રી ગુરુદયાલ મલ્લિક**

**'અધ્યાત્મ'**ના તંત્રી શ્રી નારાયણભાઈ જાનીના પાર્થિવદેહ વિદાય પ્રસંગે ભારતના તેમજ વિદેશના અનેક ભક્ત—સ્વજનોના સંવેદના સંદેશ પરિવારજનોને મળ્યા છે. તે સૌને આભારની ભાવના સાથે સમગ્ર જાનીપરિવાર વંદન કરે છે.

# ॥ દીક્ષા સ્વયં સંપન્ન થઈ ॥

શાસ્ત્રોમાં હસ્તદીક્ષા (શિષ્યને માથે હાથ મૂકીને) મંત્રદીક્ષા (કાનમાં હળવેકથી મંત્ર બોલીને) તેમજ દષ્ટિદીક્ષા (નજર મેળવીને)નાં વર્ણન મળે છે.

સાધકની કુંડલિની જાગ્રત કરવા, એની ચૈતન્યશક્તિને ઉજાગર કરવાના હેતુથી, આધ્યાત્મિકતાનું સંક્રમણ કરવાના ઉદ્દેશથી આવી દીક્ષાઓ સંપન્ન થતી હશે, થાય છે એનો મહિમા પણ છે.

છતાં શ્રી રમણ મહર્ષિ કહે છે તેમ; '"મૌન" દીક્ષાનો સર્વશ્રેષ્ઠ પ્રકાર છે. ગુરુ મૌન રહે છે અને બધામાં શાંતિ આપોઆપ પ્રતિષ્ઠિત થાય છે. ગુરુનું મૌન નિશ્ચયાત્મક રૂપથી કાર્યસાધક છે. આ કાર્ય બહાર નહીં, અંદર થાય છે. કેમકે, વસ્તુતઃ ગુરુ હંમેશાં તમારી અંદર રહે છે.'

શ્રી રામકૃષ્ણ પરમહંસ વિવેકાનંદની અંદર હતા એટલે જ વિવેકાનંદ સમાધિમાં જઈ શક્યા.

ગુરુનું મૌન સનાતન વાણીરૂપે હોય અને શિષ્યની ગ્રહણક્ષમતા નિઃસંશય હોય તો દીક્ષા સહજ સંભવે છે.

અને એટલે જ પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીના અપ્રકાશિત 'પૂજ્યશ્રી યોગેશ્વર કથામૃત' ગ્રન્થમાં નોંધાયું છે કે, 'ઇ.સ. ૧૯૭૯માં ૧૯ મી જાન્યુઆરીના રોજ દક્ષિણ ભારતની યાત્રામાં શ્રીશૈલ પર્વત પર મલ્લિકાર્જુનના સુંદર-શાંત-સ્થળમાં ઈશ્વરના અનુગ્રહથી વગર માંગ્યે પૂજ્ય 'મા'ને દીક્ષા મળી.'



આમાં 'ઈશ્વરના અનુગ્રહથી' આ શબ્દો મહત્ત્વના છે. કારણ કે સાચા સાધક માટે ચૈતન્યદીક્ષાનો સંદેશ શ્રીગુરુ પાસે સ્વયં ઈશ્વર તરફથી આવે છે.

અને 'વગર માંગ્યે' શબ્દો પણ સાભિપ્રાય છે. 'દીક્ષા' એ 'demand-supply' નો વ્યાપાર નથી. તમામ 'માગ-ઇચ્છા-અપેક્ષા' શાંત થઈ જાય. 'સંપૂર્ણ વાસનાક્ષય' એ દીક્ષાપ્રાપ્તિના પ્રાગટ્યનું એકમાત્ર મંગલ મૂર્હુત છે.

ટૂંકમાં પૂજ્યશ્રી યોગેશ્વરજી 'મા' જગદંબાના આદેશને અને પૂ.'મા'ની વાસનારહિતતા સિદ્ધ થતાં 'દીક્ષાનો અવસર' સ્વયં સિદ્ધ થયો.

આવા પવિત્ર-મંગળ અવસર માટેનું અધિષ્ઠાન 'મલ્લિકાર્જુન' મંદિર જ હોય એમાં શું આશ્ચર્ય? શુભ-મંગલ પર્વને સત્કારવા વધાવવા સ્વયં શિવે જ હાજરાહજૂર થવું રહ્યું.

પૂજ્યશ્રી યોગેશ્વરજી આ 'સહજ દીક્ષા'નું માહાત્મ્ય કરતાં સરસ કહે છે : 'એમના (પૂજ્ય 'મા'ના) સંસ્કારોનો સમુદય થવાથી એમને કોઈપણ પ્રકારના પૂર્વસંકલ્પ કે કોઈપણ પ્રકારની પૂર્વયોજના વિના 'દીક્ષા આપવાનો અવસર ઉપસ્થિત થયો.' (કર્તાભાવ વિના કર્મસરિતા વહી...)'

એ પવિત્ર તીર્થસ્થાનમાં મેં એ 'અસાધારણ સંસ્કારસંપન્ન આત્માને અંતરના અંતસ્તલમાંથી આશીર્વાદ આપ્યા (એક પરમ આત્મા અન્ય આત્મામાં સીધી મૌન રૂપ-આશીર્વાદરૂપ દીક્ષા સહજ સંક્રાન્ત કરી રહે છે.) પછી મારું ધ્યાન એમના પ્રત્યે અધિક ખેંચાયું.'

પછી શ્રી યોગેશ્વરજી જ એ 'દીક્ષાનું સ્વરૂપ' સ્પષ્ટ કરતાં

કહે છે : 'પ્રેરણાનો પ્રેરક પ્રાણવાન પ્રવાહ પેદા થયો. એ પ્રવાહ અલૌકિક, અખૂટ ને અદ્‌ભુત હતો. એ પ્રવાહે એમને સંજીવનશક્તિ પ્રદાન કરી.' અર્થાત્ ચૈતન્યમયી 'મા' અધિક ચૈતન્યવંતાં બન્યાં.

એટલે દીક્ષા એમની 'આંતરિક સજ્જતા'નો પર્યાય બની.

આમ, દીક્ષા ન કોઈએ માગી, ન કોઈએ આપી. કેમકે, દીક્ષા સ્થૂળ આપ-લેંનો વ્યવહાર છે જ નહીં. છતાં દીક્ષા અપાઈ-લેવાઈ. એ શું સૂચવે છે ? પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી અને પરમ પૂજ્ય 'મા'નો આંતરિક, અલૌકિક, દિવ્ય, અનુપમ ચૈતન્યનાતો હતો. એક દિવ્ય ચેતનાનું અન્ય દિવ્ય ચેતના સાથેનું આ સાયુજ્ય હતું, જે પ્રભુનિર્મિત હતું, સહજ હતું, સ્વાભાવિક હતું.

શ્રી સદ્‌ગુરુ સક્ષમ હોય, સમર્થ હોય અને શિષ્ય સંપૂર્ણ અહંકારરહિત હોય, તો 'દીક્ષા' સહજ જ સંભવવાની હતી, સિદ્ધ થવાની હતી. થઈને જ રહી.

જાણે દીક્ષા આપનાર-લેનાર જ નહીં, દીક્ષાવિધિ કે દીક્ષાપ્રક્રિયા જેવા ભેદ રહ્યા જ નહીં; સંપૂર્ણ અભેદભાવ સિદ્ધ થતાં પૂર્ણ ચૈતન્યનું સાચું સ્વ-રૂપ આવિષ્કૃત થયું.

આવા 'પ્રગટીભૂત પરમ ચૈતન્ય'ને આપણાં કોટિ કોટિ પ્રણામ !

'૧૯ જાન્યુઆરી ૧૯૭૯' પરમ સ્નેહમયી 'મા' સર્વેશ્વરીનો પવિત્ર દીક્ષાદિન આજે શ્રી શૈલ મલ્લિકાર્જુન મંદિરના પવિત્ર તીર્થમાં પુણ્યશાળી ભાવિકોની સ્નેહસંનિધિમાં 'શુભ



સંસ્મરણોત્સવ' તરીકે પ્રતિષ્ઠિત થઈ રહ્યો છે ત્યારે પ્રતીત થાય છે કે;

'શિષ્ય અંદરથી તૈયાર થઈ જાય છે, વાસનાઓની પકડથી મુક્ત બની તત્પર થઈ જાય છે ત્યારે સાક્ષાત્ ગુરુ એના બારણે આવી ચડે છે. આવું પ્રાગટ્ય શબ્દોથી કરી શકાતું નથી પરંતુ 'પરસ્પર સત્સંગ' માટે 'ગ્રહણશક્તિ'ની જરૂર પડે છે.

જિજ્ઞાસુને ગુરુ તો મળી જાય છે પરંતુ ગુરુને કોઈ યોગ્ય શિષ્ય મળવો દુર્લભ છે. જેની ગ્રહણશક્તિ પરિપક્વ હોય, જે વાસનાથી દૂષિત ન હોય, જેની સંવેદનશીલતા સહજ હોય તે યોગ્ય સદ્-શિષ્ય ! એમાં આત્મદર્શનની ઈચ્છાએ પણ શાંત થવું પડે.

ખાંડાની ધાર જેવા આ માર્ગ પર ચાલવા એવા ગુરુના દ્વારે જવું પડે, જેણે સઘળું જીતી લીધું છે ને સમજ જીવનમાં ઉતારી છે, જેથી તમામ શિક્ષણ એ બોધ-સમજણમાં સ્વયં ખીલી ઊઠે.'

જેમ શ્રી વિવેકાનંદસ્વામી શ્રી રામકૃષ્ણ પરમહંસ પોતાના ગુરુવચનોમાં 'આધ્યાત્મિક આંદોલનો' સાથે સૌથી વધુ તાદાત્મ્ય સાધી શકેલા એમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી પણ શ્રી યોગેશ્વરજીનાં-પોતાના ગુરુદેવ પ્રભુનાં વચનો-એનાં આધ્યાત્મિક આંદોલનો સાથે સંપૂર્ણપણે તદાકારતા સાધી શકેલાં. એટલું જ નહીં, આજે પણ શ્રી યોગેશ્વરજીના શબ્દને જીવવા-જીવાડવા પ્રાણપણે મથે છે. એના ફળસ્વરૂપે જ તેઓશ્રી અનુભવે છે કે;

'સર્વ કંઈ સહજ થયા કરે છે. સંકલ્પ જ નથી થતા. હરિના

જે વાહક બને તેને કોઈ સંકલ્પ, વિચાર, સાધના વિશેષ કંઈ જ કરવાની જરૂર ન હોય.

કદાચ અનુભૂતિ જ શાસ્ત્ર બની જાય.

અનન્ય શરણાગતિનું પરિણામ.

પરમ ચેતના સાથે સતત અનુસંધાન ન હોય તોય પ્રસાદ ઝીલાતો રહે છે. કબજો કોઈક લઈ લે છે એવો ભાર પણ નથી. સહજ બધું જ સ્વાભાવિક ! હળવાપણું, મસ્ત દશા, આનંદ રહે છે. 'મા' કાયમ ઠેકડા જ મારતાં હોય છે.'

'આધ્યાત્મિક શક્તિ' માટે કોઈ સમર્થ વ્યક્તિ પાસેથી શક્તિસંચાર થવો જોઈએ. એ સંચાર કરનાર ગુરુ જે શક્તિના સંક્રામક છે અને જેણે એ ગ્રહણ કરવાની છે તેનામાં ગ્રહણશીલતા હોય એ શરત છે.

બીજ ઉમદા અને સજીવ હોય, જમીન બરાબર ખેડાયેલી હોય; બંને અદ્‌ભુત-અસાધારણ હોય ત્યારે 'આધ્યાત્મિક ઉન્નતિ' શક્ય બને.

પછી તો 'દીક્ષા અર્પનાર' અને 'દીક્ષા ગ્રહણ કરનાર' બંને એક સ્વરે કહી ઊઠે :

**'જો કછુ કિયા સો તુમ કિયા, મૈં કછુ કિયા નાહીં**
**કહો કહીં જો મૈં કિયા, તુમ હી થે મુજ માંહિ.'**

**–કબીર**

**–સંયુક્ત સંપાદન**



# ॥ શ્રી શૈલમની યાત્રામાં શું પામ્યા ? ॥

તા.૧૭ જા. થી ૨૧ જા. સુધી પૂજ્ય શ્રીમાના સાન્નિધ્યમાં થયેલી યાત્રાના અંતિમ દિવસે પૂ.'મા' પૂછે છે કે; 'શ્રી શૈલમની યાત્રામાં શું પામ્યા ?' તો વિચાર આવ્યો કે પૂ.'મા'ની કૃપાથી કાંઈક લખીએ.

પૂ.'મા'એ કરેલી દક્ષિણ ભારતની યાત્રાની નોંધમાં નાસિકમાં નિર્માણી બંગલાના દર્શને જાય છે, જેમાં પૂજ્યશ્રી યોગેશ્વરજીએ થોડો વખત નિવાસ કરેલો, તો તે સ્થાન 'મા' માટે તીર્થ બની જાય છે.

પૂ.'મા'નું શરીર અજન્ટા-ઈલોરાની ગુફાઓમાં ફરતું હોય છે પણ મન તો પ્રભુના વિચારોમાં મગ્ન હોય છે.

પૂજ્યશ્રી સાથે યાત્રામાં જતાં પહેલાં 'મા' બધી બાબતોનો વિચાર કર્યા પછી જ હા પાડે છે, જેમાં એમની જાગૃતિ-સાવધાનીનાં દર્શન થાય છે.

પૂ.'મા' સતત ઈષ્ટની સેવા શોધ્યા કરે છે અને વસ્ત્રો ધોવાની સેવા મળતાં પ્રસન્નતા અનુભવે છે.

પૂજ્યશ્રી યોગેશ્વરજીના પવિત્ર સ્પર્શને વધાવવા 'મા' સવા લાખ મંત્રજપ કરે છે.

પૂજ્યશ્રીની સંન્નિધિમાં સહયાત્રીઓ ધ્યાનમાં બેસે છે. પણ 'મા' ધ્યાનને બદલે પોતાને ગમતી પ્રાર્થના કરવા લાગે છે :

**'પિતા પેલો આઘે જગત વીંટતો સાગર રહે અને વેગે પાણી**
**સકળ નદીના તે ગમ વહે વહો એવી રીતે મુજ જીવનની**

**સર્વ ઝરણી દયાના-પુણ્યોના તું જ મહાસાગર ભણી'**

સતત ઈષ્ટનાં દર્શન કરતાં કરતાં પ્રાર્થના કર્યા કરવી એ પણ ધ્યાનનો જ એક પ્રકાર છે.

આગળ મેટાડોરમાં છેલ્લી બેઠકે બેઠેલાં 'મા' પાછળ શ્રી યોગેશ્વરજીને લઈને આવતી ગાડીનાં સતત દર્શન કર્યા કરે છે પણ 'મા' સાવધ છે કે, વારે વારે પાછળ જોઈ રહેવું ઉચિત નથી, તો સાવ પાછા ફરીને બેસવું પણ યોગ્ય નથી; આમ સંયત ભાવની લક્ષ્મણરેખા અંકાય છે.

રસ્તામાં ગાડી બગડતાં બધા જ યાત્રીઓને એક જ મેટાડોરમાં ગોઠવાવું પડે છે, તો 'યાત્રા એટલે અગવડો વેઠવાની બાદશાહી સગવડ' એ સૂત્ર માથે રાખી, મન-અંતર પ્રસન્ન રહેવાં જોઈએ. એવી શીખ 'મા' આપે છે.

શ્રી શૈલમમાં પૂ.'મા'ને પૂજ્યશ્રી યોગેશ્વરજી દીક્ષા અર્પે છે, આશીર્વાદ આપે છે; જે એમની કઠોર તપસ્યાની પ્રાપ્તિ હતી. છતાં 'મા' અને શ્રી યોગેશ્વરજીનો સર્વ યાત્રીઓ સાથેનો વ્યવહાર સહજ જ રહે છે. આધ્યાત્મિક ઊંચી ભૂમિકાનો કોઈ ભાર વર્તન-વાણીમાં નહીં જ.

શ્રી શૈલમમાં પૂ.'મા'ની પ્રણામપૂજા તો નિત્યની જેમ ચાલુ જ રહે છે, એમાં ભળે છે શિવમહિમ્નસ્તોત્ર અને ૐ નમઃ શિવાયની ધૂન. ત્યાં ઉપસ્થિત સાધકો પણ 'મા' સાથે પાંચ પ્રણામ કરવાનો લ્હાવો લે છે. તન-મનના આરોગ્યની ચાવી એવી પ્રણામપૂજા એ 'મા'ની આગવી દેન છે, જે પરંપરા બની જતાં લાભ જ લાભ છે.

પૂ.શ્રી યોગેશ્વરજીના ઓડિયો પ્રવચનમાં કુંડલિનીશક્તિની



સ્પષ્ટ સમજણ પ્રાપ્ત થાય છે. શંકર ભગવાન શ્રી યોગેશ્વરજીને દર્શન આપે છે અને પોતે ઈચ્છે ત્યાં સુધી અને જે વિષય પર વાતચીત કરવા ઈચ્છે તે વિષય પર વાતચીત કરે છે; એના પરથી એમની દિવ્યશક્તિ-અલૌકિકતાનો અંદાજ આવે છે.

આપણી સમજણ સીમિત હોવાથી પૂ.'મા' કે પૂ.શ્રી યોગેશ્વરજીની દિવ્યતા સમજવી અકળ છે. પણ આપણે સતત પ્રભુને વળગી રહે. મંકોડાની જેમ ચોંટી રહીએ. 'મા' જે કહે તે કરીએ, જે કરે તે જોયા કરીએ. એમણે આપેલા મંત્રનું સતત રટણ કર્યા કરીએ. રોજ પ્રણામ, જપ, ધ્યાન, પ્રાર્થના કરતાં કરતાં પ્રભુની સંન્નિધિમાં રહીએ. આપણા ભાવજગતને મજબૂત બનાવીએ અને આપણી ચેતનાને પ્રભુચેતના સાથે સમરસ રાખીએ તો આપણી ચેતના વિશ્વચેતના સાથે એકરસ થાય, એ અપરોક્ષ અનુભૂતિ પણ થાય.

નિયમ આપણે માટે રક્ષાકવચનું કામ કરે છે. તો તેને વળગી રહેવું અને શ્રી યોગેશ્વરજીનું જે યુગકાર્ય છે તેને આઈકેમ્પ, મેડિકલકેમ્પ કે અન્ય કોઈ સેવાકાર્ય-સત્કાર્ય સ્વરૂપે લઈ, એમાં સહયોગ-સહકાર આપવા તત્પર રહેવું.

શૈલમ્‌ની યાત્રા પહેલાં ૧૦૮વાર શિવસ્તુતિ અને મંદિરમાં શિવજીનું પૂજન કરવા પ્રેરી પૂ.'મા'એ સમજાવ્યું કે, 'શિવ માત્ર મંદિરમાં જ નથી. સર્વત્ર છે.'

દરેક યાત્રીને પૂ.'મા'એ સ્વહસ્તે એક એક શિવલિંગ આપ્યું તો લાગ્યું કે, જીવને શિવ થવાની દીક્ષા મળી !

શ્રી શૈલમની યાત્રાએ શીખવ્યું કે, 'યાત્રા એ યાતના નથી, પરમને પામવાનું પગથિયું છે.'

જેના હૃદયમાં ભક્તોના પરમકલ્યાણની પ્રાર્થના અહર્નિશ હોય એવા દ્વિતીય શંકરસ્વરૂપ 'મા'ના પ્રેમનું-અનવરત વરસતા વહાલનું વર્ણન કરવા શબ્દો અસમર્થ છે.

પણ એટલું તો ચોક્કસ કે, પૂ.'મા'ના પ્રેમ નિમિત્તે અમે યાત્રીઓ કલ્યાણકારી શિવની પરમ કલ્યાણી કૃપા પામ્યા. મિતાહાર-હિતાહાર, સાદી કસરતો, પ્રસન્ન હકારાત્મક આરોગ્યમય જીવન જીવવાની દિશા પામ્યા.

પ્રેમ એ જ પરમેશ્વર છે. એ સત્ય પ્રતીત થયું, સાથે એ પણ સમજાયું કે; 'આપણે તો શિવશક્તિસ્વરૂપ 'મા'ના સિંધુના બિંદુ છીએ, હતા અને કાયમ રહેશું.'

અ-જ્ઞાનીને જ્ઞાની બનાવવા પૂ.'મા'ની સદાની ટહેલ છે : 'કરો પુરુષાર્થ ને પામો પ્રસાદ.' તો એ મસ્તકે ધરી, પૂ.'મા'ને પ્રણમી. જીવનયાત્રાને સાર્થક કરવાના શુભ સંકલ્પ થયો એ આ શ્રીશૈલમયાત્રાની પ્રાપ્તિ-સંપ્રાપ્તિ.

**—શ્રી કનુભાઈ હાજરા**

કૃપા હંમેશાં આનંદદાયક નથી હોઈ શકતી કારણ કે કૃપાનું કામ આપણને રાજી રાખવાનું નથી. આપણને સુખી કરવાનું નહીં, આપણને 'સાર્થક' થવામાં મદદ કરવાનું છે. એટલે કૃપા તકરૂપે આવે, ઠપકારૂપે આવે, ચેતવણીરૂપે આવે કે આઘાતરૂપે પણ આવે ! એ કયા રૂપે આવે છે એ મહત્ત્વનું નથી પણ એનો અંતિમ હેતુ-અંતિમ પરિણામ (આપણું કલ્યાણ) એ મહત્ત્વનું છે.



# ॥ શ્રી મા આનંદમયી પ્રસંગપરાગ ॥

## પવિત્ર પુષ્પનો પ્રાદુર્ભાવ

શ્રી મા આનંદમયીનો જન્મ ૩૦ એપ્રિલ ૧૮૯૬ના રોજ હાલમાં બાંગલાદેશના ત્રિપુરા જિલ્લાના ખેઉડા (ખેવડા) ગામમાં થયો હતો. પિતાનું નામ બિપિનબિહારી ભટ્ટાચાર્ય અને માતાનું નામ મોક્ષદાસુંદરી. માતાપિતાએ નિર્મળાસુંદરી નામ રાખ્યું. તેના જન્મ સમયે મોક્ષદાસુંદરીને સહેજ પણ પ્રસવપીડા થઈ નહીં, એટલું જ નહીં, બાળકીએ જન્મ્યા પછી રુદન પણ કર્યું નહીં.

દેવકન્યા જેવી તેજસ્વી અને કમલપુષ્પ સમી કોમળ કન્યામાં કંઈક એવું આકર્ષણ હતું કે બધાનું ધ્યાન તેના તરફ ખેંચાતું. તે હસમુખી હતી તેથી તેને 'હસી' કે 'ખુશીર મા' કહેતાં. કેટલાંક તેને 'નિરી' કે 'નાની' પણ કહેતાં.

નિર્મળા નવ-દસ મહિનાની હતી એ વખતનો એક પ્રસંગ ઉલ્લેખનીય છે. તેને ઘરના એક ખૂણામાં બેસાડી માતા મોક્ષદાસુંદરી કામે વળગ્યાં. થોડી વાર પછી તેમણે એક તેજોમય પુરુષસ્વરૂપ નિર્મળાની પાસે ઊભેલું જોયું. એ દિવ્ય મહાત્મા નિર્મળાની પાસે બેસી ગયા. નિર્મળા ભાંખોડિયાં ભરતી એ મહાત્મા પાસે ગઈ. એમને જોઈ હસવા લાગી, પણ દૃષ્ટિ મળતાં ગંભીર થઈ ગઈ. પછી મહાત્માએ નિર્મળાને તેડી લીધી. પછી પોતાનાં અંગો પર તેમણે તેનાં ચરણનો સ્પર્શ કરાવ્યો. ત્યારબાદ તેને પોતાના ખોળામાં બેસાડી તેમણે ભક્તિપૂર્વક તેની માનસપૂજા કરી. પછી નિર્મળાને જમીન પર બેસાડી તેમણે

મોક્ષદાસુંદરીને કહ્યું, ''આ જેને જુઓ છો તે વિશ્વની મા છે. એને ઘરમાં નહીં રાખી શકો. એ ઘરમાં રહેશે પણ નહીં.''

આટલું કહી નિર્મળાને પ્રણામ કરી એ પરમ પુરુષ અદૃશ્ય થઈ ગયા. મોક્ષદાસુંદરી ભાવસમાધિમાંથી જાગ્યાં ત્યારે નિર્મળા તો હસી રહી હતી. ત્યારથી તેઓ સમજી ગયાં કે પોતે જેને પુત્રી માનીને ઉછેરી રહી છે એ તો છે જગતજનની. પરંતુ પછી માયાના પ્રભાવમાં બધું ભૂલી તેઓ તેની સાથે પુત્રીવત્ વ્યવહાર કરવા લાગ્યાં.

મોક્ષદાસુંદરી નિયમિત મંદિર જતાં અને ભગવાન આગળ ભક્તિભાવથી પ્રાર્થના કરતાં. થોડી મોટી થયા પછી નિર્મળા પણ મા સાથે મંદિરે જવા લાગી. ત્યાં તેણે જોયું કે બધા લોકો મનમાં ભગવાન પાસે કંઈક માગે છે. તેણે એક દિવસ પૂછ્યું, 'મા, બધા લોકો ભગવાન પાસે શું માગે છે ?'

'બેટા, પોતાની ઇચ્છા પ્રગટ કરી તે પૂરી કરવા પ્રાર્થના કરે છે.'

'ભગવાન બધાંની ઇચ્છા પૂરી કરે ખરા ?'

'હા, ભગવાન બધાંની ઇચ્છા પૂરી કરવા સમર્થ છે. તેઓ પરમ કૃપાળુ છે. તેથી બધા લોકો એમની આગળ યાચના કરે છે.'

નિર્મળાને નાની વયમાં જ સમજ પડી કે ભગવાન સર્વશક્તિમાન છે, પરમ કૃપાળુ છે. પછી તો માતાએ તેને પ્રણામ કરતાં અને પ્રાર્થના કરતાં પણ શિખવાડ્યું.

નિર્મળા રોજ મા સાથે મંદિરે જતી, ભગવાનને પ્રણામ કરતી ને પ્રાર્થના પણ કરતી. એટલી નાની વયે પણ તે એટલી



સંતુષ્ટ હતી કે તેને કોઈ વસ્તુની ઇચ્છા ન થતી. બીજાં બાળકોની જેમ તેને રમકડાં, મીઠાઈ કે સારાં વસ્ત્રોની ઇચ્છા પણ ન થતી. તેથી તે ભગવાનને પ્રાર્થના કરતી : 'હે ભગવાન, તમને જેનાથી આનંદ ઊપજે એવું મારા માટે કરજો.'

એ દિવસોમાં ચાનલાના શિવમંદિરમાં વૈશાખ મહિનામાં ઉત્સવ ઊજવાતો. તેમાં શિવલિંગને પુષ્કરણીમાં ડુબાડી દેવામાં આવતું. બધા લોકો શિવની સાથે જ તળાવમાં પડતા.

શિવ જુદે જુદે ઠેકાણે પ્રગટ થતા દેખાતા પણ કોઈનાય હાથમાં આવતા નહીં. પરંતુ બીજે દિવસે પાછા પોતાને સ્થાનકે આવી જતા !

આવી માન્યતા હતી અને એ માટે આ ઉત્સવ દરવર્ષે યોજાતો.

માતા અને મોટાં દાદી છ વર્ષની નિર્મળાને લઈ ત્યાં ગયાં હતાં. નિર્મળાને મંદિરના દરવાજા આગળ એક જગ્યાએ બેસાડી કહ્યું, 'અમે પાછાં અહીં આવીએ નહીં ત્યાં સુધી અહીં જ બેસજે. બિલકુલ આઘી પાછી થતી નહીં.'

ઠીકઠીક સમય પછી તે બંને પાછાં આવ્યાં. તેમણે જોયું તો નિર્મળા એ જ જગ્યાએ એમ ને એમ સ્થિર બેઠી હતી ! તે એકીટસે મંદિરની અંદર જોઈ રહી હતી. કેટલો સમય પસાર થઈ ગયો તેની તેને ખબર પણ પડી ન હતી.

'અરે વાહ ! અહીંથી બિલકુલ ખસી જ નથી ! આટલો બધો વખત થયો તોય અહીં જ બેઠી છે ? આમ મંદિરની અંદર શું જોઈ રહી છે ?'

મોક્ષદાસુંદરીએ પૂછ્યું, પણ નિર્મળા ક્યાં આ જગતમાં હતી

કે માની વાત સંભળાય ! માતાએ બેચાર વાર કહ્યું પણ તેને કંઈ સંભળાયું જ નહીં ! પછી માએ તેને હલાવીને જાગ્રત કરી અને ઘરે લઈ આવ્યાં.

વરસો પછી, 'મંદિરમાં તું શું જોઈ રહી હતી ?' એ પ્રશ્નના જવાબમાં ગિરિમાને મા આનંદમયીએ કહ્યું હતું, 'દીદીમા, શિવમંદિરના દરવાજાની બહાર મને બેસાડીને તમે જતાં રહ્યાં ત્યારે મેં મંદિરની અંદર જોયું તો શિવજી લિંગમાંથી બહાર આવીને નૃત્ય કરી રહ્યા હતા હું એ નૃત્ય જોવામાં તન્મય થઈ ગઈ હતી.'

એક વાર ખેઉડામાં ભારે વાવાઝોડું આવ્યું. ઘરનાં છાપરાંઓ હાલકડોલક થવા લાગ્યાં. બધાં ભયભીત બની ગયાં. આખરે તેમના ઘરનું છાપરું ઊડી ગયું.

ઘરનાં બધાં ચિંતા કરવા લાગ્યાં. નાની નિર્મળા પર ઘરનાં લોકોની ચિંતાની બિલકુલ અસર ન થઈ. ઊલટાની તે તો આનંદથી તાળીઓ પાડી ગાવા ને નાચવા લાગી ને કહેવા લાગી, 'હવે તો બહાર જવાની જરૂર જ ન રહી. અંદર-બહાર બધું એક જ થઈ ગયું ! કેવી મજા !'

ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ નિર્મળાની આનંદપૂર્ણ અવસ્થામાં ખળભળાટ થતો નહીં.

તે રાત્રે બધાં સૂતાં ત્યારે તૂટેલા છાપરાના બાકોરામાંથી તારાઓ દેખાવા લાગ્યા. એ જોઈ નિર્મળા આનંદથી બોલી ઊઠી, 'મા, મા જુઓ, કેવા સુંદર તારાઓ દેખાય છે ! આજે તો બહાર જવાની જરૂર જ નથી. બહારનું બધું ઘરની અંદર આવી ગયું ! કેવી મજા !'



તેના શબ્દો સાંભળી આવી ચિંતાપૂર્ણ સ્થિતિમાં પણ મા હસી પડી કહેવા લાગ્યાં, 'નિરી, તું જેવી ગાંડી છે એવી તારી વાતોય ગાંડી છે !'

માતા ભલે પુત્રીને 'ગાંડી' કહેતાં, પણ તેઓ જાણતાં હતાં કે પોતાની પુત્રીમાં કંઈક એવું અનોખું તત્ત્વ રહેલું છે જે બીજાંઓમાં નથી.

બિપિનબિહારી બહાર ભજનકીર્તન કરતા, તેમ ઘરે હોય ત્યારે પણ ભજનો ગાતા. પિતાના મધુર કંઠે ગવાતાં ભજનોના ભાવ નિર્મળાનું અંતર ઝીલતું. શબ્દોના અર્થ કદાચ તે પૂરેપૂરો પામી નહીં શકતી હોય, પણ ભાવ તો ઝીલી શકતી. તે પાંચેક વર્ષની હતી ત્યારે પિતા એક ભજન ગાઈ રહ્યા હતા. એ સાંભળી તેણે પ્રશ્ન પૂછ્યો :

'બાબા, ભજનમાં તમે હરિ, હરિ એમ ગાયું તો આ હરિ કોણ છે ?'

'બેટા, હરિ એ ભગવાનનું નામ છે.'

'તો તમે કેમ વારંવાર એ નામ લો છો ?'

'ભગવાનનું નામ વારંવાર લેવાથી તેઓ આપણી પાસે આવે.'

'પાસે આવીને તેઓ શું કરે ?'

'તેઓ આપણી ઇચ્છા પૂરી કરે.'

'હું બોલાવું તો તેઓ મારી પાસે આવે ખરા ?'

'હા, જરૂર આવે. જેમ તું તારાં માને વારંવાર બોલાવે છે તો તેઓ તારી પાસે આવે છે, તેમ હરિ પણ જરૂર આવે.'

'બાબા, હરિ કેવડા મોટા છે ?'

'સામેના મેદાનમાં સમાય તેવડા ?'

હરિને જાણવાની નિરીની ઉત્કંઠાનો પાર ન હતો. તેના બધા પ્રશ્નોના જવાબો પિતા પાસે ન હતા. તેમણે પુત્રીને કહ્યું, 'તું હરિને બોલાવ, તેઓ તારી પાસે જરૂર આવશે. ત્યારે તું જોઈ લેજે કે તેઓ કેટલા મોટા છે.'

'પણ બાબા, એમને બોલાવવા કેવી રીતે ?'

'એ તો સાવ સહેલું છે. તું, હરિ બોલ, હરિ બોલ કર્યા કર, તો તેઓ તારી પાસે જરૂર આવશે.'

આમ, ભક્ત પિતાએ પાંચ વર્ષની જિજ્ઞાસુ પુત્રીને હરિને પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવી દીધો.

આ રીતે નિર્મળાસુંદરી-રૂપી પવિત્ર પુષ્પનો પૃથ્વીપટ પર પ્રાદુર્ભાવ થયો.

**—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

એકવાર અલ્લાહને સ્વપ્નમાં જોયા તો કહ્યું; 'હું સાઈઠ વર્ષથી તારા પ્રેમમાં મસ્ત છું.' જવાબ મળ્યો : 'તું સાઈઠ વરસથી જ છે, હું તો અનાદિકાળથી તારો દોસ્ત છું.'

★

મારી તમામ ઉંમરમાં ક્યારેય પણ 'તેના' વગર એક શ્વાસ પણ જો લીધો હોય તો તે ક્ષણ માટે મને શરમ છે.



# ॥ સ્વર્ગારોહણ પ્રવૃત્તિ દર્શન ॥

'સ્વર્ગારોહણ' તીર્થમાં પૂ.શ્રી માની પ્રત્યક્ષ ઉપસ્થિતિ હોય એટલે નાના મોટા સત્કર્મોનું સંકલન સહજ રીતે થતું રહે. મા-પરિવારના બે વડીલ સ્વજનો ભારતીબેન, રમેશભાઈ ઘણા સમયે શ્રી હરિકૃપાથી વિદેશથી સ્વર્ગારોહણ આવી શક્યા તેમાં શ્રી રમેશભાઈ તો લગભગ નવ વર્ષના સમય પછી આવ્યા. ભારતીબેને પૂ.શ્રી મા પાસે સત્કર્મ કરવાની આજ્ઞા માંગી તુરત જ પૂ.શ્રી માએ તેમને ઈચ્છા પૂરી કરતાં બે નાનકડા સત્કર્મનું આયોજન તા.૧૬ અને ૧૭ માર્ચે કર્યું.

'સ્વર્ગારોહણ' તીર્થમાં છેલ્લા પાંચ વર્ષથી છાશની હાશ પર્વ પૂ.શ્રીના દિવ્યસ્વરૂપ પ્રાગટ્યદિન ૧૮ માર્ચથી ગુરુપૂર્ણિમા સુધી પ્રતિવર્ષ આયોજીત થાય છે. આ વર્ષ તેનો પ્રારંભ ૧૮ માર્ચે થાય તે પહેલાં છાશનો પ્રસાદ લેવા આવતા પરિવારોમાં ૬૦ નવા પરિવારો તા. ૧૬મી એ તેમના રજીસ્ટ્રેશન દરમ્યાન નોંધાયા. પૂ.શ્રી મા સ્વર્ગારોહણ દરરોજ છાશ લેવા આવતા સૌ સ્વજનોને સ્ટીલની બરણી સ્વર્ગારોહણ તરફથી જ આપે છે. એટલે નવા નોંધાયેલ ૬૦ પરિવારોને બરણી શ્રી રમેશભાઈ-ભારતીબેનના આર્થિક સહયોગથી આપી શકાય.

પૂ.શ્રીનું 'દિવ્યસ્વરૂપ પ્રાગટ્ય દિન પર્વ' તા.૧૭ માર્ચથી ૧૯ માર્ચ દરમ્યાન રાખવામાં આવ્યું જેનો તા. ૧૭ સવારે સ્વર્ગારોહણ દ્વાર ઉપરના સત્કર્મ સાથે પ્રારંભ થયો. સ્વર્ગારોહણના દ્વાર પાસેથી રોજ સવારે ૧૦૦ જેટલી શ્રમજીવી બ્હેનો લાકડાના ભારા લઈ પસાર થાય છે જેના વેચાણથી તેમની આજીવિકા ચાલે છે તે બહેનો આજે શ્રી ભારતીબેન

રમેશભાઈની લક્ષ્મીના સહયોગથી પ્રસાદ પામી. આ દિવસના મંગલ પ્રભાતે ૬૦ જેટલી બહેનો સ્ટીલનું ત્રણ ડબ્બાનું ટીફીન બોક્સ, શરીર લૂછવાનો ટુવાલ, બીસ્કીટ, ચવાણુ, બુંદી અને રોકડ રકમનો પ્રસાદ પામી, તો નાના સાથે આવેલા ૧૦ બાળકોને સ્ટીલની ડીશ સાથે બીસ્કીટ, ચવાણા, બુંદી અને રોકડ રકમનો પ્રસાદ અપાયો. પૂ. શ્રી માના કૃપા અનુગ્રહથી ભારતીબેન/રમેશભાઈ બે નાનકડી સત્કર્મ સેવાનો લાભ લઈ શક્યા. 'સ્વર્ગારોહણ' તીર્થમાં જાન્યુઆરી ૨૦૧૮ની તા.૭ થી ૯ દરમ્યાન આયોજીત નેત્રયજ્ઞ સમયે અચાનક પૂ. શ્રી માએ આજ્ઞા ધરી કે આ નેત્રયજ્ઞમાં જે ૧૭૮ સાધકોએ વ્યક્તિગત રૂા.૭૦૦૦/-નું યોગદાન આપ્યું છે તેમાંથી વધેલી રકમનું એક નવું સત્કર્મ ૧૮ માર્ચના પર્વ દરમ્યાન થશે. જેમાં અંબાજી આસપાસના ૩૫ કી.મી. વિસ્તારના શાકભાજીનું વાવેતર કરી તેના વેચાણથી પોતાના પરિવારનો નિર્વાહ કરતી શ્રમજીવી બહેનોને શાકભાજીનું ઉત્તમ બિયારણ તેમને બે સિઝન ચાલે તેટલું ખાતર અને અન્ય ઉપયોગમાં આવી શકે તેવો પ્રસાદ આ તીર્થમાં આમંત્રિત કરી અપાશે.

આ આયોજનના ભાગ રૂપે તા.૧૭ માર્ચે બપોરે ૨.૦૦ વાગે ૧૫૦ જેટલી શ્રમજીવી બહેનો જે જુદા જુદા ૨૭ ગામોમાંથી મુ.શ્રી રાધાબેન તરાલના સહયોગથી આમંત્રિત કરાયેલ તેમને (૧) શાકભાજીનું ઉત્તમ બિયારણ. જેમાં ગુવાર, ભીંડો, મરચા, ટમેટા, રીંગણ, પાલક, દૂધી, તૂરીયા, ગલકા અને ચોળી જેવા શાકના હાઈબ્રીડ અને ઉત્તમ ઉપજ આપતા બીયારણ, દરીયાઈ શેવાળનું બતાવેલ ખાતર. (૨) યુરીઆ અને ડી.એ.પી જેવા રાસાયણિક ખાતર. (૩) તેમને ખેતી



કામમાં ઉપયોગી પ્લાસ્ટિકના મોટા ટબ. (૪) જીવન ઉપયોગી, ખાદ્ય સામગ્રી જેમાં ૫ કીલો લોટ, ૧ કીલો ખાંડ, ૧ કીલો ગોળ, ૧ લીટર સીંગતેલ, ૧ કીલો ચોખા, ૧ કીલો દાળ, બુંદી, ચવાણું, ચીકીનો પ્રસાદ અપાયો. આ સાથે સ્વર્ગારોહણ તીર્થમાં પૂ.શ્રી માએ પ્રસ્થાપિત કરેલી પ્રણાલી અનુસાર સૌને આવવા જવાના ખર્ચ માટે રૂા.૧૦૦ રોકડ અપાયા. આ સમગ્ર પ્રસાદ નેત્રયજ્ઞ માટે આર્થિક સહયોગ આપનાર સૌ સાધક ભક્તોની શુભલક્ષ્મીથી અપાયો.

આ બ્હેનો તે ઉપરાંત વિશેષ પ્રસાદ તરીકે શ્રી રૂક્ષ્મણીબહેન (કેનેડા) તરફથી શેતરંજી, શારદાબેન તરફથી વસ્ત્રમાં ઓઢણાં શ્રી નયનાબહેન જેમનો આજે જન્મદિન હતો તેમના તરફથી સ્ટીલની હાંડી અને જેમણે શ્રી હરિ ભણી પોતાની યાત્રા થોડા સમય પહેલાં જ આરંભી તે હરિસખા શ્રી નારાયણ તરફથી સૌને ટુવાલ, સ્ટીલના લોટા અને વાટકા પ્રસાદમાં મળ્યા. તો બે મોટા પ્લાસ્ટીક ટબ એક શ્રી રંજનબહેન અને બીજું શ્રી દક્ષાબહેન તરફથી આપવામાં આવ્યું. તા.૧૮નું મંગલ પ્રભાત પૂ.શ્રી માના આશીર્વાદથી ચાલતા 'છાશની હાશ'ના પર્વથી પ્રારંભ થયું. યોગાનુયોગ સ્વર્ગારોહણના ભક્તોને જે સમાજમાંથી પૂ.શ્રી મા મળ્યા તે ભક્ત સમાજના જ ચાર પરિવારોએ આ ચાર માસ જેટલો સમય છાશના વિતરણના ચાલતા કાર્ય માટે આર્થિક સહયોગ ધર્યો. આ ચાર માસ દરમ્યાન લગભગ ૩૦૦ પરિવારોને રોજ ૧ લીટર છાશ વિનામૂલ્યે પ્રસાદમાં અપાય છે.

(૧) ઈલાબહેન-બચુભાઈ-(કર્પૂરવન) (૨) મધુબહેન-સુરેશભાઈ અને માતા ધનીબહેન (ઓરણ) (૩) સરોજબહેન, મીરાંબહેન, ગાયત્રીબહેન પરિવાર (કર્પૂરવન) (૪) રંજનબહેન

(ખડસદ) દ્વારા પોતાની શુભલક્ષ્મી આ સમગ્ર કાર્ય માટે પૂ.શ્રી માને ચરણે ધરી.

સ્વર્ગારોહણમાં થતાં અનેક સત્કર્મોમાં આ પરિવારો અવારનવાર રક્તદાન-સહયોગ ધરતા જ રહ્યા છે. આરોગ્ય ચિકિત્સા સેવાયજ્ઞ આ વર્ષે શ્રી હરિ કોઈ આયોજન વિના જ એક સત્કર્મ સાથે બીજા સત્કર્મને ગૂંથી લઈ રહ્યા છે. નેત્રયજ્ઞના કાર્ય દરમ્યાન મોરબીના યુવાન સાધક ડૉ.મિહિર ચૌહાણ (એમ. ડી. પેથોલોજી) જેમણે નેત્રયજ્ઞના દર્દીઓના ઓપરેશન પહેલાં જરૂરી લેબોરેટરી ટેસ્ટ કરેલા તે કાર્ય પૂર્ણ થતાં પૂ.શ્રી મા પાસે આવ્યા. તેઓ જામનગરમાં પોતાની અદ્યતન બ્લડ બેંક ચાલુ કરવાનું આયોજન કરી રહ્યા છે તેમ જણાવી પૂ.શ્રી મા પાસે આશીર્વાદ માંગ્યા.

પૂ.શ્રી માએ સૂચવ્યું કે તે બ્લર્ડ બેંકનો પ્રારંભ તા.૧૮ માર્ચે સ્વર્ગારોહણમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન દ્વારા કરી શકાય. પૂ.શ્રી માના સહજ સૂચનને વધાવી તેમણે ૧૮ માર્ચના પવિત્ર દિવસે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યું. સ્વર્ગારોહણનું યુવાધન પૂ. શ્રીમાના ૭૫મા પ્રાગટ્ય વર્ષ પર્વના ભાગરૂપે રક્તદાન માટે ઉપસ્થિત થઈ ગયું. ૮૯ જેટલા ભાઈ બહેનોએ રક્તદાન કરી શ્રી મિહિરભાઈની બ્લડ બેંક માટે સહયોગ ધર્યો. સૌને ધન્યવાદ.

આજ કાર્યક્રમ સાથે ડૉ. મિહિરભાઈએ ૬૦ વર્ષથી ઉપરના વયસ્ક સાધકો માટે રક્ત ચિકિત્સા દ્વારા તેમના શરીરના વિવિધ અંગોથી કાર્યક્ષમતાની ચિકિત્સાનું પણ આયોજન કર્યું જેમાં ૧૬૦ જેટલા સાધકોના બોડી-ચેકઅપ થઈ શક્યા. આ રીપોર્ટમાં સૌના



શરીરના મુખ્ય અંગો હૃદય, આંતરડા, લીવર, કીડની, ફેફસાં વગેરે અંગો સાથે લોહીના જુદા જુદા ઘટકોનું પ્રમાણ યોગ્ય માત્રામાં છે કે કેમ તેની ચકાસણી કરી. આ આરોગ્ય ચિકિત્સા કાર્યનું આર્થિક યોગદાન શ્રી નારાયણની શુભ લક્ષ્મીએ ધર્યું. બપોરે ૨.૦૦ વાગે વિદેશના ભક્તોના આર્થિક સહયોગથી જરૂરિયાતવાળા ગરીબ પરિવારને જીવન જરૂરી વસ્તુઓનો પ્રસાદ અપાયો. માત્ર (રૂ.૫૦૦) ૮ ડોલરના આર્થિક સહયોગથી એક પરિવારની હાસ લેવા માટે ખૂબ મોટી સંખ્યામાં વિદેશના પૂ.શ્રીમાના ભક્તોએ યોગદાન ધર્યું, આજે ૧૨૦ પરિવારોને અનાજ કીટ રૂપે ૫ કીલો ઘઉંનો લોટ, ખાંડ, ચોખા, દાળ, તેલ, ગોળ વગેરે પ્રસાદમાં અપાયા. શ્રી ધનીબહેન (ઓરણા)ના સહયોગથી સહુને સ્ટીલપાત્ર સ્ટીલ/કોપરની કઢાઈ તો હેમંતભાઈ તરફથી સ્ટીલના ડબ્બા અપાયા. સ્વર્ગારોહણની ચીકી, બુંદી, ચવાણા સાથે સૌને રૂ.૫૦ ખર્ચ માટે રોકડા અપાયા.

બીજે દિવસે તા.૧૯ બપોરે પણ વિદેશના આ જ સૌ ભક્તોના આર્થિક સહયોગથી બીજા-૧૪૦ પરિવારોને પણ ઉપરોક્ત બધો જ પ્રસાદ અપાયો. આમ કુલ ૨૬૦ પરિવારો જીવનજરૂરી વસ્તુઓનો ઉપરોક્ત પ્રસાદ સ્વર્ગારોહણ તીર્થ ભૂમિ પર પામ્યા. જે માટે વિદેશના સૌ ભક્તોને ધન્યવાદ.

તા.૧૮મીની રાત્રી પ્રાર્થના પછી પૂ. શ્રી ગુરુભગવંતની દિવ્યવાણી દર્શન પ્રસાદ રૂા.૫ 'શ્રી યોગેશ્વર જ્ઞાનામૃત' બલ્વ, રે ડી.વી.ડીના ચોથા અને અંતિમ સ્ટેટના દર્શનકાર્યનો આરંભ થયો. શ્રી હેમલભાઈ સાથે આ ભગીરથ કાર્યમાં સતત કાર્યરત રહેતા પાંચ મુખ્ય સહયોગીઓએ સૌ ભક્તો આ શ્રવણ-દર્શન

પ્રસાદને સર્વોત્તમ રૂપે માણી શકે માટે શ્રી મહેતાભાઈના સહયોગથી છેક સૂરતથી LED સ્કીન સ્વર્ગારોહણના મંચ ઉપર લાવી સૌને સ્તબ્ધ કરી દીધા. એમના આ પરિશ્રમના કારણે જ શ્રી હરિનો દર્શન-શ્રવણ પ્રસાદના ત્રણ ભાગોને સૌ ઉત્તમ રીતે માણી શક્યા. હેમલભાઈના સૌ સહયોગ, શ્રી મિકુલભાઈ, રાકેશભાઈ, અભિષેકભાઈ વગેરેએ આ ચાર વર્ષથી ચાલતા યજ્ઞમાં તેમનું કેવું યોગદાન રહ્યું અને તે પૂર્ણ કરવામાં શ્રી હરિકૃપાની કેવી અનુભૂતિ તેઓ પામ્યા તેની રસપ્રદ વાતો કરી. કાર્યક્રમના અંતભાગમાં શ્રી ગુરુભગવંતના અત્યંત જીવંત લાગતા દર્શન સાથે ખૂબ ભાવ સાથે ગવાયેલ ધૂનમાં સૌ ભક્તો ૧૫ થી ૨૦ મીનીટ સ્તબ્ધ થઈ ગયા. જાણે શ્રી હરિએ સૌના મન અંતરે આ દિવ્યક્ષણો દરમ્યાન પ્રવેશ કરી લઈ સૌને પણ ભાવજગતમાં બાંધી લીધા.

શ્રી હમેલભાઈ અને તેમના સૌ સહયોગી આવા સુંદર સર્જન માટે તો હૃદયપૂર્ણ અભિનંદનના અધિકારી છે જ પરંતુ આજના આ અનન્ય આયોજન માટે પણ એટલા જ અભિનંદનને પાત્ર છે. સ્વર્ગારોહણના સૌ સાધકો તે સૌને તેમના આ અવિસ્મરણીય સેવા કાર્ય માટે હૃદયપૂર્વક વંદન કરે છે.

રાત્રિથી આ બેઠક રાત્રે ૧.૩૦ સુધી ચાલી જેના અંતમાં જેણે જેણે આ સેટ જેમાં ૧૪ ભાગમાં શ્રી હરિનો 'જ્ઞાનામૃત પ્રસાદ' ઉપલબ્ધ છે તે ખરીદવા નોંધવ્યો હતો તે સૌ પૂ.શ્રીમાના વરદ્હસ્તે જ્ઞાનમૃત ડી.વી.ડી.નો આ સેટ-પ્રસાદ પામ્યા.

તા.૧૯ સવારે સ્વર્ગારોહણના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવ્યા. તેમને 'યોગજ્યોત ગૌરવ' પારિતોષિક



અને શિષ્યવૃત્તિ શ્રી ગોવિંદભાઈ પટેલ પરિવારના શ્રી પ્રભાબહેન તરફથી અપાયા. આ એવોર્ડ મેળવનાર ૪૧ બાળકોને જેમાં ધો.૧ થી કોલેજના માસ્ટર ડીગ્રી સુધીના વિદ્યાર્થીઓને એવોર્ડ, શિષ્યવૃત્તિ સાથે કેલક્યુલેટર, પેનડ્રાઈવ, કલીપબોર્ડ અને સ્ટીલની વોટરબેગ અપાઈ. આ અંગે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટને પ્રભાબહેન તરફથી રૂા. ૨.૨૫ લાખની રકમ દાન રૂપે અપાઈ.

સ્વર્ગારોહણનો મંચ હંમેશાં વિશેષતાને વધાવતો રહ્યો છે. તેથી મેરેથોન દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ગાંધીધામના શ્રીમતિ ઉર્વશીબહેન ચુડાસમા તેમજ કલા જગતના હોનહાર યુવા કલાકાર શ્રી દર્શનાબહેન સંચાણીયા જેઓ સ્વર્ગારોહણના દરેક પર્વને રંગોળીના રંગોથી સજાવતા રહ્યા છે તેમની વિશેષતાને વધાવતા પૂ.શ્રી માએ બંન્ને યુવા બહેનોને પણ પ્રસાદ અને આશીર્વાદ ધર્યા. પૂ. શ્રી ગુરુભગવંતના 'જ્ઞાનામૃત' પ્રસાદ વિતરણમાં તેમના બાળસખા શ્રી નારાયણે પણ પોતાનું નાનકડું યોગદાન નોંધાવ્યું. આ સેટ પ્રસાદ જેને જેને પ્રાપ્ત થયો તે સૌને રૂા.૧૦૦૦/-નો સરસ્વતી નારાયણ તરફથી લક્ષ્મીપ્રસાદ અપાયો.

શ્રી હરિના પાવન પર્વ નિમિત્તે આવેલા સૌ ભક્ત સાધકો સેવાયજ્ઞોની આહુતિ ધરતા-સત્સંગ પ્રસાદથી મોજ માણતા ધન્યતા અનુભવતા રહ્યા. હે મા ! આપે ધરેલો આ દિવ્ય દર્શન થાળ અમારા જીવનનું અવિસ્મરણીય સંભારણું બની રહેશે.

**–શ્રી રાજેન્દ્ર જાની**